SHREE SWAMINARAYAN
श्री स्वामिनारायण

JULY
2005





પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1









૧. રોહીશાળા (મૂળીદેશ-હાલાર) મંદિરના રજત જયંતી પ્રસંગે પધારેલા પ.પૂ.લાલજી મહારાજશ્રી ૨.સભામંડપમાં કથાશ્રવણ કરતાં ભક્તો ૩. પ.પૂ. મહારાજશ્રીને 'બૂકે' અર્પણ કરી આશીર્વાદ મેળવતા પ.ભ.બાબુભાઈ ટાંક આદિ યજમાનો ૪. યજ્ઞ વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૫. જેતલપુરમાં મારૂતિયજ્ઞ વિધિ કરતા પ.પૂ.મહારાજશ્રી ૬. નારાયણ નગર (જેતલપુરદેશ) મંદિરના રજત જયંતી પ્રસંગે પ.પૂ.મહારાજશ્રીની નિશ્રામાં કથા કરતા વક્તા પૂ.પી.પી.સ્વામી ૭. ઉપનયન સંસ્કાર પ્રસંગે પૂ.દાદાશ્રીના દિવ્યસંકલ્પ 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ' માટે શ્રીહરિની

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ જૂલાઈ - ૨૦૦૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૭૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	મહામૂલા પ્રેરણાત્મક આશીર્વચનો	૫
૪.	સાધવો હૃદયં મમ	૯
૫.	પ્રસંગ ચતુષ્ટ્યમ્	૧૧
૬.	"સાચું સુખ સત્સંગના સગપણમાં"	૧૩
૭.	જીવના ઉદ્ધાર માટે હરિસ્મરણ જપ પારસમણી	૧૫
૮.	ભૂકંપ પૂર્વે ભુજની પૂર્વ આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રાના દિવ્ય દૃશ્યો અનેરો ઇતિહાસ સર્જી ગયા	૧૬
૯.	"દંડવત યાત્રા"	૧૮
૧૦.	સત્સંગ સુરભિ : મારો તો બસ સહજાનંદ	૨૦
૧૧.	સત્સંગ બાલવાટિકા (૧) બંગલો અને ધર્મશાળાનો ભેદ (૨) જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ	૨૧
૧૨.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૪

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

ઉપાસના માર્ગમાં વિશિષ્ટાદ્વૈત સિધ્ધાન્તના આધારે ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રીના સિધ્ધાન્તમાં ઉપાસક ઈષ્ટદેવની સેવાએ કરીને મુક્ત બને છે. પરમાત્માને પોતાના સ્વામી તરીકે સ્વીકારીને તેમની સેવામાં અખંડ રહે તેને ઉપાસના કહેવાય છે. અક્ષરધામમાં ભાગવતી દેહે ઉપાસકને માત્ર ભગવાનની સેવા જ મળે છે. જે જે ભક્તને જેવી સેવાનો અવકાશ હોય તેને ભગવાન તેવી સેવાનો યોગ આપે છે. અંતે અક્ષરધામના મુક્તનું કર્તવ્ય એક માત્ર ભગવાનની સેવા જ છે. તેથી પોતે સ્વયં અને દેહ-ગેહ-પદારથ-ધન કુટુંબ પરિવાર સહિત ભગવાનની સેવામાં જોડવાં. ભગવાનની સેવામાં કોઈપણ વસ્તુ ઉપયોગમાં આવે તો અહોભાગ્ય માનવું. પોતે ભગવાનને સંપૂર્ણ ઉપયોગી બને, પરંતુ ભગવાનનો પોતાના માટે ઉપયોગ ન કરે. ઉપાસક ક્યારેય ઈષ્ટદેવની કોઈ અપેક્ષાથી સેવા ન કરે. જો અપેક્ષાથી કરવામાં આવે તો તેને સેવા કહેવાય જ નહીં. અને તે તામસી પ્રવૃતિ કહેવાય. જીવના કલ્યાણને માટે દેહનો ઉપયોગ કરવો ન કે દેહને અર્થે ભગવાનનો ઉપયોગ કરે. તે તો ચંદનના લાકડાને કાપીને બાવળને સાચવવા ફરતી વાડ કરે તેવી મૂર્ખામી કહેવાય. પૂજા-મંત્રપાઠ-વૃત-દાન-ભક્તિ ભગવાનને પ્રસન્ન કરવા સેવાને અર્થે જ કરે.

સર્વ પ્રથમ તો પોતાને સેવકપણાની દૃઢતા કરે પછી જ ઉપાસનાના માર્ગે ચાલવાનો અધિકાર મળે છે. ભગવાનને નહિ માનનારા લોકો જ માત્ર નાસ્તિક કહેવાય એટલુ જ નહિ, પરંતુ પોતાને સેવક માનીને ઈષ્ટદેવની સેવામાં જોડાય નહિ તે પણ નાસ્તિક છે, અને અજ્ઞાની છે.

ચતુર્માસના વિશેષ નિયમો લેવાનો સમય નજીક આવી રહ્યો છે. શ્રધ્ધા અને શક્તિ મુજબ સત્સંગી માત્ર વિશેષ નિયમો લેતા હોય છે. પરંતુ તેનો હેતુ એક માત્ર ઈષ્ટદેવની સેવા પ્રસન્નતા રાખવી. જે જે વસ્તુ મહારાજની સેવામાં કામ ન આવે તેને શત્રુ માનીને ત્યાગ કરવો. આ સમયે સેવા થશે તો જ સેવક ઉપાસક બની શકાશે. આ સત્સંગ મળ્યો છે તે જ મોટો યોગ છે. આ તક ઝડપી નહિ તો સેવકધર્મ શિખવા ક્યા લોકમાં જઈશુ ? જેને સેવા ના અંગની દૃઢતા ન હોય તેવા ભક્તોને ભગવાન અક્ષરધામમાં રાખતા નથી.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુન - ૨૦૦૫)

૧. શ્રી દંઢાવ્ય સત્યાવીસ ઔદિચ્યસહત્ર બ્રહ્મ સમાજના સંમેલનમાં આશીર્વાદ આપવા પધાર્યા, નારાયણઘાટ મંદિર. .
પ.ભ. ડાહ્યાભાઈ ભીખાભાઈને ત્યાં મકાનના વાસ્તુ પ્રસંગે પધરામણી સેટેલાઈટ.

૩. ઝુંડાલ (જી. ગાંધીનગર) ગામે પધરામણી.

૪. ભાત (તા. દશક્રોઈ) ગામે શ્રી હનુમાનજી ગણપતિજીની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૫. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આયોજીત મહાસંમેલન પોતાની શુભ અધ્યક્ષતામાં સંપન્ન થયું, નારાયણપુરા *Terf* (ટર્ફ) સ્કુલ.

૭. પ.ભ. દિનેશકુમાર નાથાલાલ ભાવસારને ત્યાં પધરામણી નારણપુરા.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર દોલારાણા વાસણા (ગાંધીનગર) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે.

૧૧. પ.ભ. ભીમજીભાઈ નાનજીભાઈ વાટલીયાને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી નિકોલ ગામ રોડ સોમનાથ ડેકોરેશનમાં પધરામણી બાપુનગર.
પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલને ત્યાં પધરામણી વિરાટનગર.
પ.ભ. કનુભાઈ મણીલાલ ઠક્કરને ત્યાં પધરામણી ગાંધીનગર.

૧૨-૧૩. વાગડ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૪-૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન) નિજ મંદિરમાં શ્રી નરનારાયણદેવની પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૬. પ.ભ. હસમુખભાઈ પટેલને ત્યાં પધરામણી, મહાદેવનગર.
પ.ભ. કનુભાઈ શીવાભાઈ પટેલ (આર્કિટેક)ને ત્યાં પધરામણી, પાલડી.

૧૭. જીવરાજપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ-અભિષેક પ્રસંગે પધરામણી.

૨૧. સર્વોપરિ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન વેદ વિધિસર પોતાના વરદ્ હસ્તે સંપન્ન.

૨૪ થી ૮ જુલાઈ અમેરિકાના ફ્લોરિડા સ્ટેટમાં લેકલેન્ડમાં I.S.S.O. સંસ્થાપિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવા પધાર્યા.

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ***ધર્મદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્મદો અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્મદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.***

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

મહામૂલા પ્રેરણાત્મક

આશીર્વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી શ્રીહરિના મુખેથી એ સમયે જે દૈવી મનુષ્યોને અમૃતવાણી-વચનામૃત સાંભળવા મળ્યા હશે તે લોકોના ભાગ્યની કોઈ કલ્પના થઈ શકે નહિ. એ શબ્દોને તો આપણે આજે પણ 'વચનામૃત' જેવા શાસ્ત્રો દ્વારા માણીએ છીએ. પરંતુ એ ધીર ગંભીર મધુર અવાજ ક્યાંથી સાંભળવો !! આજે પણ મહારાજના અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના મુખેથી એવો જ ધીર ગંભીર મધુરો અવાજ સાંભળવા મળે છે, પરંતુ મહિમા હોવો જોઈએ કે આશીર્વચન બોલનાર સ્વયં મહારાજની જગ્યાએ બિરાજમાન છે. મીઠાઈ ખાતા ખૂબ સ્વાદિષ્ટ લાગે અને પચ્યા પછી શરીરને ખૂબ શક્તિ આપે. તેમ આ આશીર્વચનો કાનને સાંભળવા ખૂબ ગમે. પરંતુ જો જીવનમાં ઉતરે તો એ જીવ ખૂબ બળિયો થાય, કલ્યાણના માર્ગે ચાલવામાં જીવમાં નવું જોમ આવે ! એ જીવને જ્યાં ત્યાં હવાતિયા મારવા મટી જાય ! જ્યાં ચોંટવાનું છે ત્યાં દ્રઢ પણે ચોંટી જાય !!!!

શ્રીજી મહારાજે પોતાના બન્ને દત્તક પુત્રોના શિર પર લાલ પાઘ ધારણ કરાવીને બન્ને આચાર્યશ્રીને પોતાના જેવા મહિમા વાળા કર્યા, પરંતુ હે મહારાજ ! ત્યાર પછી પણ આપ જ્યાં સુધી પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી સત્સંગ સમાજને સુખ આપતા રહ્યા. તેમ આજે આપે સ્થાપેલી આચાર્ય પરંપરાના અમદાવાદ ગાદીના છઠ્ઠા આચાર્ય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ લાલ પાઘ પોતાના ઔરસ પુત્ર પ.પૂ.ધ.ધુ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શિર પર ધારણ કરાવી છે. પરંતુ સત્સંગ સમાજની લાગણીને વશ થઈ અમને તો આજે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. વિદ્યમાન આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ આપના ત્રણે અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચનો સાંભળવાનું સુખ પ્રાપ્ત થઈ રહ્યું છે. વાંચનાર વાંચીને એ દિવ્ય સુખ પ્રાપ્ત કરે એ હેતુથી અત્રે થોડુ સંકલન રજુ કરું છું.

તા. ૫-૬-૨૦૦૫ ટર્ફ ખાતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અધિવેશન પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી : એકવાર અમેરિકાની યાત્રામા આખી યાત્રા દરમિયાન એક સત્સંગી ભાઈ સાથે ને સાથે રહ્યા ! આ રીતે ત્યાંના સત્સંગીને નોકરી ધંધો છોડીને સાથે રહેવાનું પરવડે નહી છતાં સાથે રહ્યાં. તેનું રહસ્ય એ હતું કે એ ભાઈ ઈન્સ્યોરન્સનું કરતાં હતાં. તેથી અમારી સાથે દરેક સ્થળે ફરે. તેથી સત્સંગ અને ધંધાનું એમ બેય કામ થાય. અમે પણ એ માટે અહીં આવ્યા છીએ. અમે સામે જ મોટો ધંધો-પ્રોજેકટ (મ્યુઝિયમ) લઈને બેઠા છીએ. સત્સંગીએ બધાને કટિબધ્ધ થવાનું છે. આજે યુવક મંડળના ઘણા અમારી પાસે આવ્યા. પરંતુ અમે એક વાત જોઈ કે ઘણાનાં કપાળ કોરા હતા. તિલક ચાંદલો પણ નથી કરતા. પછી વફાદારી નિષ્ઠાની વાતો ક્યાં કરવી ! બહુ વિચારવા જેવી વાત છે ! વિચારજો. આપણે તો ચાંદલો કરવો છે ને બીજાને કરતા કરવાના છે. ત્રીજી વાત - ભાષણ ભૂલી ગયો છું. ટેવ જતી રહી છે. મહારાજના સમયે દાહા ખાચર દ્રઢ નિષ્ઠા અને નિશ્ચય વાળા ભક્ત હતા. તે સમયે પરોક્ષનો એક બાવો શિષ્યો વધારવાની ટેવ વાળો હતો. પેલો બાવો ફરતો ફરતો દાહા ખાચર પાસે આવીને દાહા ખાચરને કહે તમને કંઠી બાંધવી છે. દાહા ખાચરે પગ લાંબો કર્યો. કહે તારી કંઠી મારા પગમાં બાંધી દે. મારા કંઠમાં તો સ્વામિનારાયણની કંઠી છે. ઝનુન વગરનો સત્સંગ કાચો પડે છે. "આપણે તો સ્વામિનારાયણનું નામ લે એ બધાં સરખાં" એવું ન ચાલે. દુનિયામાં મુસ્લિમ દેશો ઘણાં છે. ભારતને કોઈની સામે વાંધો નથી.

પાકિસ્તાન સાથે કેમ વાંધો છે? ભૂતકાળમાં ભારતનો જ ભાગ હતો. ભારતથી છૂટું પડ્યું છે એટલે! એમ આપણને બીજા કોઈની સાથે વાંધો નથી. પરંતુ આપણાંથી જે જુદાં થયાં છે તેની સાથે ગમે તેમ કરીએ તો પણ મેળ પડે નહીં. આપણા લોકો ત્યાં જાય અને જો ભૂલે ચૂકે ત્યાં પ્રસાદી લે, કોઈનું અન્ન પેટમાં જાય, કોઈનો દાણો પેટમાં પડે, તેનો બહુ પ્રભાવ હોય છે. એટલે એની વાતો કરવા લાગે, ગુણ ગાવા લાગે. પ્રસાદ લેવામાં પણ બહુ ધ્યાન રાખવું જોઈએ. અમારે ત્યાં એવા ઘણા વિમુખો અન્નકૂટ વગેરેની પ્રસાદી આપવા આવે. અમે તેને દરવાજાની બહાર નંખાવી દઈએ. ઝનુન - કટ્ટરતા વાળાનો સત્સંગ શોભે છે. વચનામૃતમાં મહારાજે કહ્યું કે કોઈની છાયામાં દબાય ન જવું. સમદ્રષ્ટિ રાખવી એ માત્ર કહેવાની વાતો હોય છે. એ લોકો આપણા માટે ઘાતક છે. માટે તેઓને ઓળખી રાખી તેનાથી ચેતતા રહેવું. વિશેષ આપ સર્વેને મળીને આનંદ થયો. ષષ્ઠી પૂર્તિના છેલ્લા દિવસે અમે કહ્યું હતું કે નરનારાયણદેવના થઈને રહેજો. આજે પણ ફરી એ જ કહીને વિરમું છું.

પ.પૂ.ધ.ધુ. વિદ્યમાન આચાર્ય મહારાજશ્રી : ઓફિસમાં સાહેબે ખખડાવ્યા હોય, ઘેર જાય, ટેમ્પરેચર હોય પરંતુ ત્યાંય ખીજ કાઢવાનો મોકો મળે નહિ. છેલ્લે છોકરા ઉપર ખીજ કાઢે. અડધો ગ્લાસ પાણીનો ભરેલો હોય તો ગુણગ્રાહી દ્રષ્ટિવાળાને અડધો ભરેલો દેખાય, જ્યારે એજ ગ્લાસ બીજાને અડધો ખાલી જણાય. અમને તો એજ પ્રસન્નતા છે તમે જેટલા આવ્યા છો તેટલા નિષ્ઠાવાળા છો. તાપ પડતો હોય અન્ય વ્યવહારિક પ્રસંગો હોય, છતાં તમે બધાં શ્રમ વેઠીને અહીં આવ્યા છો. આપણું કામ થાય છે. અમે જાણીએ છીએ. ગામો ગામથી પ્રત્યક્ષ, પરોક્ષ સમાચાર મળતા રહે છે. કોઈ ઉંઘતા નથી. પરંતુ આપણે સજાગ થવાનું છે. સભામાં લીલા ચરિત્રો સાંભળીએ, સંતો વાત કરતા હોય, આપણને સાંભળવાની ટેવ પડી ગઈ છે. મંગળાચરણ થાય, પછી આગળ મહિમાની વાત આવે. આપણે કહીએ એ તો બધું સાંભળ્યું, હવે આગળ બોલો. પછી જુદા જુદા અધ્યાય આવે. આપણને થાય એ તો બધું ઠીક છે. આગળ બોલો. આમ આપણને અહીં પણ એક ટેવ પડી ગઈ છે. બહુ ઝીણવટથી ભગવાનની વાત ઉતારીએ તો એક જ વાતમાં જીવનનું રહસ્ય, નિચોડ આવી જાય છે. વચનામૃતનું એક વાક્ય પણ જો જીવનમાં ઉતરી જાય તો ડાફોળિયા મારવાનું બંધ થઈ જાય. વાતને ઝીણવટથી સાંભળી હોય તો! વાંચી નાંખવાની ટેવથી વાંચી લઈએ તો વાંચવાનું પુરું થઈ જાય, પણ તેનો અર્થ સરતો નથી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત જ્યારે જીવમાં ઉતરે ત્યારે આગળ અધ્યાત્મ કે ફિલોસોફીની વાતની બહુ જરૂર રહેતી નથી. નિર્માનીપણાનું પણ માન ન રાખવું. બહુ વિચારવા જેવી વાત છે. સીધો કે ફેરવીને કાન ન પકડવો. આપણને સત્સંગમાં જીવન જીવવા માટે મહારાજે શું નથી આપ્યું? મહારાજે કોઈ વસ્તુ બાકી નથી રાખી! એવું કંઈ નથી જે મહારાજે આપણને નથી આપ્યું! એક એક શ્વાસ, એક એક રક્તનો કણ નરનારાયણદેવને આભારી છે! એ છે તો આપણું કલ્યાણ છે! એ મૂર્તિ નથી. સાક્ષાત્ મહારાજ છે! તેમાં રહીને મહારાજ જીવનું શ્રેય કરે છે, મોક્ષ કરે છે. અદ્‌ભુત આપણને આ પ્રાપ્તિ મળી છે!

એક ગરીબ બ્રાહ્મણ હતો. દરિદ્ર હતો. પૈસા ન હતા. એક સાધુ ફરતો ફરતો એ ગામમાં ભિક્ષા માંગવા આવ્યો. બ્રાહ્મણના પત્નિ પાસેથી એ સાધુએ ભિક્ષા માંગી. બ્રાહ્મણની પત્નિએ પોતાના છોકરાના બચતના પૈસામાંથી પેલા સાધુને લોટ, દાન, દક્ષિણા આપી. સાધુએ રાજી થઈને એક શંખ આપ્યો. બ્રાહ્મણ પત્નિ કહે, હું શંખને શું કરીશ? સાધુ કહે, લઈ જાવ. એ શંખ સાદો નથી. તમે જે ઈચ્છા કરશો એ પૂરી કરશે. આજે લોકોને ભગવાન સાચવવા ભારે પડે છે. બહુ પૈસા વાળાઓને ભગવાન સાચવવા ભારે પડે છે. ઓસ્ટ્રેલિયામાં અમે એક વાર જોયું એક ધનિકે પગારદાર બ્રાહ્મણ રાખેલો. એ બ્રાહ્મણ પૂજા કર્યા કરે. બ્રાહ્મણે એ શંખને ઠાકોરજીની બાજુમાં મૂક્યો. બે દિવસ સુધી ઉપવાસ પડ્યા. પછી છપ્પન પકવાનની ઈચ્છા કરી. છપ્પન પ્રકારના પકવાન થાળમાં આવી ગયા. સાંજે પકવાનની ઈચ્છા કરી તો સાંજે પણ પકવાન આવી ગયા. સોના મહોરોની ઈચ્છા કરી તો સોના મહોરો આવી. પડોશીને તકલીફ થઈ. બ્રાહ્મણ દુબળો હતો.

વ્યવહારમાં ક્યાંય જતો નહોતો અને હવે સારુ ખાય છે. વાપરે છે. દાન કરે છે. પૂછ્યું, બ્રાહ્મણ કહે બીજું કંઈ નથી, પરંતુ સાધુની સેવા કરી, તેણે શંખ આપ્યો છે. એ શંખ હું જે માંગું તે આપે છે. ઈર્ષ્યામાં પડોશીએ સાધુનું નામ જાણી લીધું. સાધુને શોધી લાવી પહેલા કરતા દસ ગણી દક્ષિણા આપી ખૂબ સન્માન કર્યું. સાધુને ખબર પડી દાળમાં કંઈક કાળું છે ! પેલો સાધુને કહે, મને શંખ જોઈએ. સાધુને થયું, આનામાં પાત્રતા નથી. આ તો કપટવાળો છે. બ્રાહ્મણને આપ્યો હતો તેના કરતા તેના પડોશીને સાધુએ મોટો શંખ આપ્યો. પેલાએ એ શંખ માંડ માંડ સિંહાસનમાં મૂક્યો. સાચા શંખ થોડા બધાને મળે ! શંખ કહે માંગો પેલો કહે હે શંખ દેવ ! ૧૦૦- ૧૦૦ રૂપિયાના ૧૦૦ બંડલ આપો. શંખ કહે ૨૦૦ રાખોને ! ૨૦૦ માંગ્યા એટલે શંખ કહે ૨૦૦ શું કરવા ? ૫૦૦ રાખોને ! પેલો વધારે રાજી થયો. આવો શંખ તો મારા પડોશી પાસે નહીં હોય ! છેવટે લાખ સુધી અને કરોડ સુધી વાત પહોંચી. માંગનાર કંટાળ્યો. કહે હવે બહુ થયું જલ્દી આપી દો. શંખ કહે, હું કંઈ આપનાર નથી. વાતો કરીને જ રાજી કરું છું. હું તો ડબગર છું. અનુભવ વગર બોલવું, બકવાસ કરવો વ્યર્થ છે. આ દ્રષ્ટાંત વાતમાં ઘણું આવી જાય છે. જેને ભગવાનનો અનુભવ થયો છે તેની મસ્તી અનેરી હોય છે. આપણને જે મળ્યું છે તેનો ક્યારેક ક્યારેક સ્વાદ લઈ લેવો. સમય મળે ત્યારે ભગવાનનું ભજન, ભક્તિ, કંઈ ન આવડે તો બે ઘડી ભગવાનની સામે બેસી દર્શનનું સુખ લઈ લેવું. કારણ આ તો પૂર્વે ક્યારેય આવ્યા નથી અને હવે ક્યારેય આવવાના નથી ! હરિદ્વારમાં એક લાખ મનુષ્યો યોગાસન કરતા હતા. આપણે અહીં ભલે બહુ નથી. પરંતુ જેટલા હોય તેટલા સાચા ભક્ત બનવાનો પ્રયત્ન કરવાનો છે. એકટર લાવીને, વાંજિત્ર કરીને, શો કરાવીને માણસો ભેગા થઈ શકે. ઘણા કહેવા આવે છે કંઈ સેવા હોય તો, કંઈ પ્રોગ્રામ કરવો હોય તો કહેજો. શું કામ ? અહીં તો ભગવાનનું સુખ માણવાની દુકાન છે. પૈસાની કિંમત નથી. ભગવાનનું નામ લો અને બીજાને આપવાનું પણ એ જ છે. સંસ્કાર આપણાં સુધી સિમિત ન રહે, બીજા સુધી પહોંચે એ જોવાનું છે. ગમે તેવા ત્રિવિધ અંદર બહારના તાપ હોય, બહારનો તાપ તો વધુમાં વધુ ૪૭° સેલ્સિયસ સુધી જાય. પરંતુ અંદરના તાપે તો થર્મોમીટર પણ ઉડી જાય ! બહારનો તાપ ચામડી બાળે, અંદરનો તાપ હૈયા બાળે ! ટાઢક પહોંચાડનાર માત્ર મહારાજ છે. નરનારાયણદેવ મહારાજે આપણને આપ્યા છે. બાથમાં લઈ પધરાવ્યા છે. મહારાજમાં અને નરનારાયણદેવમાં રંજમાત્ર ફેર નથી. નરનારાયણદેવની સામે હાથ જોડી ઊભા રહો ! કોઈની તાકાત નથી કે અનુભૂતિ ન થઈ એમ બોલે ! નરનારાયણદેવ હરહંમેશ તપ કરીને પોતાના આશ્રિતોને આપે છે. આપણા ભાગ્ય છે. તમો અને હું સુખિયા થઈએ તેના માટે નરનારાયણદેવ આટલું કષ્ટ વેઠે છે. આપણે મહારાજના નરનારાયણદેવના થઈને રહીએ. વંટોળિયા બહુ આવે છે. વાતાવરણ હંમેશા એક સરખું નથી રહેતુ. આપણી સ્થિતિ બદલાય નહીં એ જોવાનું ! મહારાજે કહેલું કે ભલા થઈને અમારો દાખડો સફળ કરજો. મહારાજને ખબર છે કે મનુષ્યનું મન દેખાડીએ તેના કરતા હંમેશા ઉંધી દિશામાં દોડે છે. "અહીં પેશાબ કરવાની મનાઈ છે." એવું લખ્યું હોય, છતાં લોકો ત્યાંજ પેશાબ કરે. માણસનું મન જે દેખાડીએ તેના કરતા વિપરીત ક્રિયા કરે. ઉત્તર દેખાડો તો દક્ષિણ જાય.

કુટુંબના સભ્યોને ભેગા મળી પૂજા, આરાધના, ભજન માટે સમય કાઢવો જોઈએ. જ્યાં સુધી પોતે નહીં કરીએ ત્યાં સુધી આગળ નહીં થાય. આપણાં ઘરની અંદર મહારાજની મૂર્તિ સમક્ષ આરતી, સ્તુતિ કરીએ. ત્યાંથી શરૂઆત થાય. એ વાતાવરણ જોઈ અન્યને પ્રેરણા મળે. હજુ હમણાં જ લાલજી મહારાજશ્રીના ઉપનયન સંસ્કાર બાદ તેઓને ગાદીવાળા સાથે છપૈયા દર્શને મોકલ્યા હતા. ત્યાં તેઓના મામાને ઘેર ગયા. ત્યારે ત્યાં વાડીમાં શૈલેષ ભગત સાથે નાનું એવું એક ટોલક લઈને મોજ માટે કીર્તન ગાતા હતા. ત્યાં બીજું કોઈ સત્સંગી નથી. બાજુના ઘરવાળાએ ખુરશી લાવી આપી. ખુરશીમાં લાલજી મહારાજશ્રીને બેસાડી પાંચ-સાત જણ સાંભળવા બેસી ગયા. તેઓ કહેવા લાગ્યા. આ કોણ આવ્યું છે. તમારે ત્યાં ? પછી વાત કરવા લાગ્યા કે આ

નાના બાળકમાં જો આટલી ભગવાનને રાજી કરવાની શક્તિ પડી છે તો એ સંપ્રદાય કેટલો મહાન હશે અને તેના ભગવાન કેવા સમર્થ હશે !!! આપણો સંપ્રદાય એ આચરણનો સંપ્રદાય છે. નિત નવી શ્રધ્ધા રાખજો. અધિવેશન શિબિર જોતા થાય છે કે સારું ચાલે છે. માત્ર સંતો કે અમે જ સત્સંગ કરાવીએ એવું નથી. હરિભક્તોએ પણ અન્યને સત્સંગ કરાવવો જોઈએ. પર્વતભાઈ, સુરોખાચર વગેરે હરિભક્તો પણ મહારાજ વખતે અન્યને સત્સંગ કરાવતા. વ્યવહાર કરો, પણ ભગવાન ભૂલશો નહીં. મહારાજનો આશ્રિત દુઃખી થવાનો તો છે જ નહિ. પરંતુ સાથે ભગવાન ભજવા-ભજાવવા એ જ જીવનનો મંત્ર હોવો જોઈએ. મહારાજ આપને બળ આપે, સૌનું કલ્યાણ કરે, શ્રેય કરે, રૂડું કરે એ જ આજના દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. તા. ૧૧-૬-૨૦૦૫ નિકોલ ગામ રોડ પર જેતલપુર મંદિરના પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથા પારાયણ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી : દરેક માણસને સુખી થવું છે. પરંતુ સુખ છે ક્યાં ? જગતના લોકોએ જેટલું સુખ માન્યું છે, તેની પાછળ દુઃખનો પડછાયો છે. દરેક સુખ માટે વલખા મારે છે. પરંતુ માણસને તેનો સાચો રાહ મળતો નથી. અને જીંદગી ખર્ચી નાખે છે. દુઃખને ભગાડવા માટે કોઈ અંધારામાં દંડો મારે, પથ્થર મારે અને કહે કે તું જતું રહે તેના જેવી વાત છે. અંધારું થયું હોય તેને ભગાડવા કોઈ અંધારાને લાકડી મારે, તલવાર, ભાલા મારે, બંદુક ફોડે, તોપનો અવાજ કરે. એમ કંઈ અંધારું જાય ! દીવો પ્રગટાવે તો અંધારું જતું રહે ! બહુ સાદી વાત છે. સુખી થવું હોય તો ભગવાનનું સુખ લેતા શીખી જાવ. બીજી વાત આપો આપ થઈ જશે. ભગવાનના થઈને રહીએ, ભગવાનનો દ્રઢ આશરો રાખીએ તો ભગવાનની પાછળ લક્ષ્મીજી, રિદ્ધિ, સિદ્ધિ, સુખ, સંપત્તિ, નામના સઘળું આપો આપ આવે છે. વળી એ બધુ સાત્વિક આવે છે. અને એ સાત્વિક સંપત્તિ સાચું સુખ આપે છે. સ્મરણ, ભક્તિ, સત્સંગ થાય તો બીજું બધું આપો આપ થઈ જાય છે. અહીં કથા શ્રવણ કરવા સૌ આવ્યા છો તે સૌ ધન્ય ભાગી છો. શ્રીકૃષ્ણ ભગવાનના લીલા ચરિત્રો સુખ આપનારા છે. મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે ભક્તમાં રૂડા ગુણ કથા વાર્તાના જોગે કરીને જ આવે છે. સંસ્કાર સદ્‌ગુણો કલાસ કે કોલેજોમાંથી નથી આવતા. કથાવાર્તાના અંગથી રૂડા ગુણ આવે છે. પી.પી. સ્વામી સત્સંગના અન્ય કામોમાં પણ ખૂબ વ્યસ્ત હોવા છતાં અહીં વિશેષ ભજન કરાવે છે, કથાનું સુખ આપે છે એ જીવનમાં ઉતારજો. સંસ્કાર એ જ આપણી મૂડી છે. સંપત્તિ છે. બાળકોમાં સંસ્કારોનું સિંચન કરીશું તો જ આપણે સુખી થઈશું. યજમાન કુટુંબનું તથા દરેક હરિભક્તોનું મહારાજ ખૂબ રુડું કરે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

નિવૃત્તિ માં પ્રવૃત્તિ

સમગ્ર સત્સંગ જાણે છે કે આપણા નિવૃત પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ પોતાના નિવૃત્તિકાળ દરમ્યાનનો સંપૂર્ણ સમય પોતાના શુભ મંગળ સંકલ્પ સમા આપણા સંપ્રદાયના અદ્વિતિય આયોજન **'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ'** (નૂતન નિર્માણાધિન)ના નિર્માણ અને સંચાલનમાંજ વ્યસ્ત રહેશે. આ આયોજન ઝડપથી આગળ વધી રહ્યું છે.

જેથી હવે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થળ પરની પોતાની ઓફિસમાં બિરાજશે. સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન ત્યાં દર્શન કરવા આવી શકાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. નારાયણપુરા પાછળ,

નારાયણપુરા અમદાવાદ-૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ ● ફેક્સ : ૨૭૪૧૯૫૯૭.

ફોન : ૨૭૪૯૯૫૯૭

ઉપરોક્ત ફોન નંબર પ્રથમ પાને પ્રેસદોષને કારણે ખોટો છપાયેલ છે આ નંબર બરાબર છે.

સાધવો હૃદયં મમ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (મહંત સ્વામી, નારાયણઘાટ)

આદિકાળથી સમાજમાં સંતોનું આધિપત્ય જળવાતું રહ્યુ છે.રાજાઓ સંતોને રાજય ગુરૂ પદે સ્વીકારી તેઓના આશીર્વાદ પામી તેમની સલાહ મુજબ રાજય ચલાવતા. શિવાજી જેવા રત્નવીરને સ્વામી રામદાસજી ની સતત પ્રેરણા મળતી રહેતી. ગુરૂ ગોવિંદસિંહના જીવન પર ગુરૂ નાનકની ઉપદેશાત્મક છાપ ઉભરતી તો સમ્રાટ ચક્રવતી રાજા અશોક ઉપર ભગવાન બુધ્ધનો પ્રભાવ હતો, અર્જુનના ગાંડિવનું, ભીમની ગદાનું, શિવજીની ભુંજાલિ તલવારનુ, રાણા પ્રતાપના ભાલાનું, ગુરૂ ગોવિંદસિંહની પ્રચંડ ઘોષણાનું, ઝાંસીની રાણી અને લક્ષ્મીબાઈની વિરતાનું અને સરદાર પટેલની ચાણકય સમી પ્રતિભાનું મૂળ એક યા બીજા સંતની વિરાટ શક્તિમાં હતું. સિકંદર અને નેપોલિયનની ચળકતી તલવારોએ જગતને સુખી નથી કર્યું. પણ જગતની શાંતિ કાજે ફાંસીને માંચડે ચડી જનાર ઈસુ ના બલીદાનને જડ જગતના પથ્થરા સમા હૈયાઓને પીગાળ્યા છે. માટે આજ કે આવતી કાલ તો શું પણ યુગોથી સંતો જ સંસ્કૃતિના ધારક, પોષક, રક્ષક અને વાહક રહ્યા છે. સંત વિનાની પૃથ્વી ક્યારેય વાંઝણી રહી નથી. શ્રીજી મહારાજ આ વાતનું અનુમોદન આપતા વચનામૃત વરતાલના ૧૯ માં કહ્યું છે કે "આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર અથવા સર્વોપરિ ભગવાનના અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને તેમના દીક્ષીત સંતોની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો પરમ ભકત થાય છે." માટે સ અને અંત જેને મળતા ભવસાગરનો અંત પામી જવાય તે સંત ! શ્રીમદ્ ભાગવતમાં "સાધવો હૃદયં મમ" તથા દર્શનાદેવ સાધવઃ ! આદિ વચનોથી સંત મહિમા વર્ણવ્યો છે. ભગવાન રામચંદ્રજીએ વશિષ્ઠજીને ગુરુ કરી પોતાના સમગ્ર જીવનના પથદર્શક માન્યા તો ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ ગુરૂ સાંદિપનીના આશ્રમમાં જઈ ગુરૂભક્તિથી જીવનકાર્યના શ્રી ગણેશ માંડ્યા. સંત સેવાની સાંસ્કૃતિક પરંપરાને ચાર ચાંદ લગાવતા અખીલ બ્રહ્માંડનો નાથ જેની ઈચ્છા વગર સુકું પાંદડું હલી શકવાને સમર્થ નથી તેવા પરાત્પર પરમાત્મા સર્વોપરિ નિલકંઠવર્ણી એ ગુરૂવર્યને થાંભલાને બાથ ભીડી સત્સંગમાં રહેવાની ગરજ બતાવતા સંતવર્ય મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં દશ દશ મહિના સુધી ટુક ટુક વર્તી બતાવ્યું. અને ત્યાર બાદ ગુરુવર્ય રામાનંદ સ્વામીનું શરણું સ્વીકારી અવતારી માત્રના અવતારી સ્વયં સર્વોપરિ હોવા છતા સંતના શરણે નતમસ્તક બની પોતે પણ સાધુ દીક્ષા ગ્રહણ કરીને સાધુતાનું ગૌરવ અનેકગણું વધારી દીધું. પોતાના જીવન કાર્યોમાં અતિ વિશિષ્ટ ગણાય એવું અદ્‌ભુત કાર્ય કાલવાણી ગામમાં એકી સાથે ૫૦૦ પરમહંસોને ત્યાગાશ્રમની દીક્ષા આપી એક અનેરી અક્ષરવાટ વહેતી મૂકી. પોતાના આધ્યાત્મિક ગ્રંથ વચનામૃતમાં સ્વમુખે સંતનો અબાધિત અને અગાધ મહિમાં કહેતા રહી સમગ્ર સત્સંગ સમુદાયના પ્રાણવાયુ સમા "સંત" ને કેન્દ્ર સ્થાને ગાવા લાગ્યા. વાલમના વહાલનું વેણ સાધું તરફ વહેવા લાગ્યું. ધીરે ધીરે ધોધ વધતો ગયો. અને અષાઢી મેઘ એવો તો વરસતો રહ્યો કે ઘોડાપુર બની સંતોમાં જ સમાઈ ગયો. આવો એમના જ અવતરણોના આચમનનો આસ્વાદ માણી વાલમે સિંચેલી સાધુતાની અમીરસ ભરેલી ક્યારીઓની દિવ્ય શીતળતા અનુભવીએ.

ગ.પ્ર. ના પહેલા વચનામૃતમાં શ્રી હરિ કહે છે જે "ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણી તુલ્ય છે. જેમ ચિંતામણી કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થ ને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે." જ્યારે ગ.પ્ર. ૧૪ માં વચનામૃતમાં કહે છે જે "સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણી ને કલ્પવૃક્ષ મળ્યો છે. અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્ર તુલ્ય છે. અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો છે તે જ છે વળી ગઢડા પ્ર.૩ ત્રીજા વચનામૃતમાં લખે છે જે" બ્રહ્મચારી સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવુંને સર્વને સંભારી રાખવા. તે શા સારૂં જે કદાપિ દેહ મુક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તો પણ સત્સંગી સાંભરી આવે

તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે તો તે જીવ મોટી પદવીને પામે. અને તેનું ઘણું રૂડું થાય.'' વળી ગ.પ્ર.૨૭ ના વચનામૃતમાં લખે છે કે અને એ સમર્થ તો કેવા છે જે એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડના જેટલા જીવપ્રાણીમાત્ર છે તેના નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડ માં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. તેમ એ સંતની સર્વ ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે. તે માટે એ સંતનો બ્રહ્માંડના સર્વ જીવોના ઈન્દ્રિયોના પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે તે તુચ્છ જીવનું અપમાન સહે તે તેમની એ અતિશય મોટપ છે. અને એવી રીતની ક્ષમાવાળા છે તે જ અતિશય મોટા છે.'' આ શબ્દોના મૂર્તિમાન દર્શન કરાવતા સદ્‌ગુરૂવર્ય વ્યાપકાનંદ સ્વામીએ બોટાદમાં દરબાર ખાચરની મૃત્યું પામેલી ઘોડી ઉપર શ્રી હરિની મૂર્તિ સંભારીને પાણીની અંજલી છાંટીને ઘોડીને સજીવન કરી હતી. વળી સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી સંતમંડળ સાથે સાવરકુંડલામાં દરબાર ઉગા ખુમાણ દ્વારા અતિશય અપમાનિત થયા અને દરબારના છોકરાઓએ સંતોને ધક્કાપાટુ મારી પાડી દીધા. અને ચોટલી પકડી ધૂળમાં ઘસડતા ગામ બહાર કાઢી મુક્યા ત્યારે આવા હડ હડતા અપમાન અને દુષ્ટની પૃષ્ટતા ખમી ખાઈ ને સ્વામીએ તે દરબાર ઉગા ખુમાણને એવો શાપ આપ્યો કે તે નિર્વંશ દરબારને ત્યાં ભગવાન એવો ગુણીયલ સત્સંગી દીકરો આપે ને તેના ઘેર સંતોની ઝોળીઓ ટીંગાતી રહે.....કહ્યું છે ને કે સતી શાપ આપે નહિ ને શંખણીનો શાપ લાગે નહિ. જ્યારે આ તો સહજાનંદી સંત હતા. તેના મુખમાંથી સરી પડેલા શાપ પણ આશીર્વાદ જ નીવડે છે. એ મુજબ એ દરબારને ત્યાં જન્મેલા દીકરાએ બાપને પણ સત્સંગી કરાવ્યો હતો. આવા સંતના ગુણગાતા શ્રીહરિ આગળ કહે છે કે ''એવી નિષ્ઠાવાળા જે સંત છે તેના પગની રજને'' તો અમે પણ માથે ચડાવીએ છીએ. અને તેને દુઃખવતા થકા મનમાં બીયે છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ.'' લો ! સ્વયં ભગવાન પણ આવો મહિમાં સમજે છે. વળી આગળ એ જ વચનામૃત ગ.પ્ર.૩૭ માં લખ્યું છે કે અમારે તો કોઈ સગા સંબંધી સાથે હેત નથી. તથા અમારી સેવા કરતા હોય ને તેના હૃદયમાં પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તોય પણ ન થાય. અને નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.'' પ્રેમાનંદ સ્વામી મધરાતે ઘેલાને કાંઠે સરોદ લઈ શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ કીર્તનના સુર રેલાવવા લાગ્યા. ધીરે-ધીરે વધુ ને વધુ ઊંડા ઉતરી સંગીતના સૂરના સથવારે મૂર્તિમાં ઓગળવા લાગ્યા. આમને આમ પરોઢ થયું ને પ્રભાતી બોલી સરોદ નીચે મૂકી માંડ માંડ આંખોના પોપચા ઉંચા કર્યા, ત્યાં તો શ્રીહરિને સન્મુખ ઉભેલા દીઠા ! સહજ પૂછાઈ ગયું, મહારાજ આપ ક્યારે આવ્યા ? જ્યાર થી તમે ગાવાનું શરૂ કર્યું ને અક્ષર ઓરડીમાંથી અમારા ઢોલિયા ખેંચાવા લાગ્યા. તમારા પ્રેમના બંધનોથી દોરાતાં દોરાતાં અમો આવીને દર્શન કરતા આખી રાત ના ઊભા છીએ.....'' અને પ્રેમાનંદ નું હૈયું હાથ ન રહ્યું. આંખોમાંથી અશ્રુ ધારા હરિવરના ચરણો ભીંજવી ગયું. એવા સંત માટે એજ વચનામૃતમાં આગળ લખેછે કે ''એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે. અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉધ્ધાર થાય છે. તેવા તે મોટા છે.'' વળી ગ.પ્ર. ૫૪ માં ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થવાનો ઉપાય બતાવતા કહે છે કે''સત્પુરુષનો જે પ્રસંગ છે તે જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે. અને આ જ વાતની વધુ દૃઢતા કરાવતા વચનામૃત વરતાલના ૧૧ માં લખે છે કે ''સતપુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે. અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે. અને પરમેશ્વર નું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. ઓ હો હો ! ! આત્મસાક્ષાત્કાર અને ભગવાનનો સાક્ષાત્કાર થંવાનું મૂળ પણ સાધુ બતાવ્યાં. માટે આ સાધુ બધા જ શ્રીહરિની આજ્ઞાનું અક્ષરઃ સહ આજ્ઞાનું પાલન કરે તેવા હોય છે. અને વર્તમાનમાં આચાર્ય દીક્ષીત અને તેમની આજ્ઞામાં વર્તનારા ખરેખરા સાધુ ને ઓળખી તેને વિષે દૃઢ, અતિ દૃઢ, અસાધારણ હેત થઈ જાય તો બેડો પાર થઈ ગયો જાણવો. આ કંઈ મનના તરંગો કે તુક્કા નથી. પણ હરિવરના હૈયાના ઊંડા ઊંડા ઓડકાર છે.

(ક્રમશઃ વધુ આવતા અંકે)

प्रसंग चतुष्टयम्

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

(૧) સંનિષ્ઠ સેવામૂર્તિ :

ગઢડાથી ત્રણેક ગાઉના અંતરે ગર્ભશ્રીમંત શ્રી આંબા શેઠ 'ગઢાળી' ગામના વતની હતા. પગપાળા ચાલીનેનિયમાનુસાર વારંવાર શ્રીજીમહારાજના દર્શન તથા સંતો ની સેવા કરી આવતા.

એક વખત ચાતુર્માસમાં દૃઢ સંકલ્પ કર્યો કે વહેલી સવારે મહારાજ અને સંતોને લીલાં દાતણ પહોંચાડવા. સાંજે બાવળના દાતણ કાપી લાવે અને પતરાની ભૂંગળીમાં ઈલાયચીના દાણા નાખી દાતણ ભૂંગળીમાં રાખી મૂકે. વહેલી સવારે ઊઠી સ્નાન, પૂજા વગેરેથી પરવારી દાતણ લઈ પાંચ વાગ્યે ગઢડા અક્ષર ઓરડીએ આવી જાય. મહારાજ તથા સંતોને દંડવત્ પ્રણામ કરી દાતણ આપે અને સવારની કથા વાર્તા દાદાખાચરના દરબારમાં સાંભળીને ગઢાળી આવીને દુકાન ખોલે.

મહારાજે કથામાં કહ્યું હતું કે, " જેની સમજણ મોટી એ મોટો" આંબા શેઠ સેવા કરતા તેમાં ભીતરની સમજ હતી. આંબા શેઠની અપરિગ્રહની ભાવના અજબ હતી ! એક વખત ગાદલાં, રજાઈઓ, ઓશીકાં, ચાદરો, બાજોઠ, પાટલા, વાસણો વગેરેનું ગાડું ભરીને આપી ગયા. સભામાં મહારાજે રાજી થઈને આંબાભગતની સમજણ અંગે પ્રશંસા કરી.

ગઢડામાં સમૈયો હતો. આંબાશેઠ ત્રણેક ગાડાં ખજુરનાં ભરીને લાવ્યા. મહારાજે કહ્યું, "શેઠ ! આટલું બધું શા માટે લાવો છો ?"

"મહારાજ ! અમે તો પાકા વેપારી છીએ, જ્યાં વધુ નફો મળે ત્યાં માલ વેચીએ."

"અરે ! તમે તો વગર પૈસે સંતો તથા હરિભકતોને બધી જ ખજુર વહેંચી દીધી ! નફો ક્યાં રહ્યો ?"

"મને તો રોકડેથી વેચવા જેટલો નફો મળ્યો છે, ગામમાં તો લોકો ઉધાર લઈ જાય.આંબાશેઠ આવું માહાત્મ્ય સમજતા હતા, સંતોનો મહિમા સમજતા હતા."

એક વખત સંતો તથા હરિભકતોને સાકર વહેંચી. અરે ! આટલી બધી સાકર કેમ લાવ્યા ? મહારાજ ! અમે કોઈનું નામ પાડીએ ત્યારે સાકર વેંચીએ છીએ. આપે સૌને અક્ષરધામના અધિકારી બનાવીને ન્યાલ કરી નાખ્યા છે, તેથી આપનું નામ અમે 'ન્યાલકરણ' પાડ્યું છે. સભામાં સૌએ 'ન્યાલકરણ' નામની જય બોલાવીને મહારાજને ખડખડાટ હસાવ્યા !

(૨) ભક્તિનો પ્રત્યક્ષ પ્રભાવ :

બહારવટિયાના સરદાર રજપૂત વેરાજી સંગદોષને લીધે દયાહીન બની ગયા હતા. એક વખત સરાણીઆ પાસે તલવારની ધાર કઢાવીને બે આના આપ્યા. આ તલવારની ધાર બરાબર કાઢી છે કે નહિ તેની ખાતરી કરવી પશે. સંધ્યા સમયે મસ્જીદમાં આઠેક મુસલમાનો નમાજ પઢી રહ્યા હતા, ત્યાં જઈને ફટાફટ આઠેય માથાં ઉડાડી દીધાં ! ખરેખર બે આના ખર્ચ્યા એ વસૂલ છે. વેરાજીનું નામ પડે ત્યાં રડતું બાળક ચૂપ થઈ જાય. ટપોટપ દુકાનો બંધ થઈ જાય. આવી હતી તેની ધાક.

આવા પાપના પહાડ જેવા વેરાજીને સહજાનંદ સ્વામીનો ભેટો થઈ ગયો.તે મહારાજને પગે લાગ્યો કે તરત જ સમાધિ થઈ ગઈ ! સમાધિમાં એને મહારાજનો મહિમા સમજાઈ ગયો. અને તે શ્રીહરિનો અનન્ય ભક્ત બની ગયો.

એક વખત શ્રીજીમહારાજ વહેલી સવારે એક ગામની ભાગોળે પહોંચ્યા. "વેરાજી ! દાતણ લઈ આવોને ?"

વેરાજીએ સત્વરે કોઈના ખેતરમાં જઈને કાંટાનું ભરોટિયું ભર્યું હતું તેમાંથી લીલુંછમ દાતણ કાપી લાવી મહારાજને આપ્યું. અંતર્યામીએ કહ્યું, "વેરાજી ! શિક્ષાપત્રીનો રોજ પાઠ તો કરો છો ને ?" ૧૭ માં શ્લોકમાં કહ્યું છે કે, "અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું,અને ધણિયાતું જે કાષ્ઠ,પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું."

ખેતરમાં પડેલી વસ્તુ ધણીયાતી કહેવાય.માટે ગામમાં જઈ તપાસ કરીને ખેતરના માલિકની માફી માગી આવો. તપાસ કરતા કોઈએ કહ્યું કે, એ તો સાંધા પટેલનું ખેતર છે. વેરાજીએ પટેલને દંડવત્ કર્યા અને દાતણની ચોરી કરી છે તેથી માફી માગી. સર્વ પટેલીઆઓ ત્યાં એકત્ર થઈ ગયા. સાંધાએ કહ્યું, "અરે ! એમાં શું ?" "ના, ના, મેં મારા ભગવાનની આજ્ઞા લોપી છે."

ગામજનો તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! ધરતી ધ્રુજાવનાર મોટા ધાડપાડુના ભગવાનના દર્શનાર્થે આખું ગામ ઊમટ્યું. સૌએ મહારાજનાં દર્શન કર્યા. અને એમના સદુપદેશથી સૌ સત્સંગી બની ગયા.

ભગુજીની માફક વેરાજી પણ મહારાજના અંગરક્ષક તરીકે કાયમ સાથે જ ફરતા.

(૩) સર્વસ્વ શ્રીહરિને સમર્પણ

કડવા ભગતને વૈરાગ્યવશાત્ સાધુ થવાની ઈચ્છા થઈ. મહારાજે કહ્યું, "ભગત ! ભગવાન તો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ભજી શકાય છે, માટે દીક્ષા લેવાની જરૂર નથી."

'ગોઠીબ' ગામના આ પાટીદાર કડવા ભગતે સંસારમાં રહીને ત્યાગાશ્રમ કરતાંય ગૃહસ્થાશ્રમ શોભાવ્યો હતો.તેમણે પોતાનું સર્વસ્વ શ્રીજી મહારાજને સમર્પણ કર્યું હતું. પોતાની આંબાવાડીમાં ૬૦ આંબાના વૃક્ષો હતાં. જેટલી કેરીઓ પાકે તે બધી જ શ્રીજી મહારાજને પહોંચતી કરી દેતા.

કડવાના કુટુંબીજનોએ જ રાજાની કાનભંભેરણી કરી. "કડવા ભગતનો બધો જ કેરીનો પાક સહજાનંદ સ્વામી મંગાવી લે છે. કડવો પોતે મજુરી કરીને આજીવિકા ચલાવે છે. કોઈને એક કેરી પણ આપતા નથી."

રાજા, વાજાં ને વાંદરાં ! રાજાએ કડવા પાસેથી આંબાવાડી આંચકી લીધી. કડવા ભગત મનોમન બોલી ઊઠ્યા, "મહારાજે આપણને વધુ ભજન-કીર્તન કરી શકાય તેથી નિવૃત્ત કર્યા."

વળી, વિચાર આવ્યો કે આમ્રફળ શ્રીહરિ અને સંતોના ઉપયોગમાં આવતાં એજ આંબાની કેરીઓ હવે પાપી પુરુષોના ઉપયોગમાં આવશે. છોડમાં પણ રણછોડછે. માટે એ વૃક્ષોનો મોક્ષ બગડશે. વહેલી સવારે પાણીનો ઘડો ભરી બધાં જ વૃક્ષોને પાણી છાંટી કહ્યું, "હે આમ્રવૃક્ષો ! તમે તો અક્ષરધામના અધિકારી છો. આ પાપી પુરુષો તમારાં ફળ આરોગશે તો તમારો મોક્ષ બગડશે....."

ચમત્કાર એવો થયો કે થોડા જ દિવસોમાં એક પછી એક બધાં જ વૃક્ષો સુકાઈ ગયાં ! સૌ કોઈ કડવા ભગતની ભક્તિની અને એકનિષ્ઠ સેવાની પ્રશંસા કરવા લાગ્યા. રાજાએ સત્કારપૂર્વક ખેતર સુપ્રત કરી દીધું.

(૪) આકરી કસોટી

અતિ નિર્માની એવા બેચર પંચોલી ધ્રાંગધ્રાના વતની હતા.ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત અને અખંડ ભક્તિ-ભજનમાં રત રહેતા.એકવખત શ્રીજીમહારાજ તેમના ઘેર પધાર્યા. મહારાજે ભક્તની કસોટી કરવા કહ્યું, "ભગત ! તમારા વેવાઈ પાસે જ્યોતિષશાસ્ત્રનું એક પુસ્તક છે, આ પુસ્તક બીજે ક્યાંય મળતું નથી. જો તે લઈ આવો તો જોઈને તરત જ પાછું આપી દઈશું."

મહારાજને ખબર હતી કે બેચરભાઈને વેવાઈ સાથે બોલે વ્યવહાર નથી. કંઈક કારણસર અન્યોન્ય અબોલા થઈ ગયા છે. આથી મહારાજની ઈચ્છા સમાધાન કરાવવાની હતી.

પંચોલીને થયું કે મહારાજની આજ્ઞા તો પાળવી જ પડશે. આથી વેવાઈના ઘેર જઈને કહ્યું, "અમારા સહજાનંદ સ્વામીને જ્યોતિષનું પુસ્તક જોવું છે તે આપો."

"અરે ! એ તો હળવદના શિવરામભાઈ લઈ ગયા છે, માટે ત્યાંથી લઈ આવો." ભગત હળવદ ગયા. શિવરામભાઈ કહે, "અરે ! એ તો મેં એમને પાછું મોકલી આપ્યું છે."

ભગત વેવાઈના ઘેર આવ્યા, ત્યારે તેઓ કહે, "એ તો મારા ધ્યાન બહાર જતું રહ્યું. લો આ સરનામું વાંકાનેરના એક કર્મકાંડી મણિશંકર મહારાજ લઈ ગયા છે."

ભગત ઉપડ્યા વાંકાનેર. મણિશંકર મહારાજ કહે, એમના ઘેર મોકલાવ્યું એને બે મહિના થઈ ગયા, ભક્તે

(અનુસંધાન પાના નં.૧૭૫૨)

"સાચું સુખ સત્સંગના સગપણમાં"

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

ગીતાનું સનાતન વચન છે કે જ્યારે જ્યારે અધર્મની વૃધ્ધિ અને ધર્મની ગ્લાની થાય છે ત્યારે ત્યારે સતપુરૂષોની રક્ષા કાજે અને ધર્મની સ્થાપના કાજે ભગવાને અવતાર ધારણ કરેલ છે. તેમાં અસુરોનો નાશ કરીને ધર્મ અને સમાજની રક્ષા કરેલ છે.

ભગવાને તરેક યુગમાં અસુરોના નાશ માટે અવતારો ધારણ કરેલ છે. જેમ કે જ્યારે પૃથ્વીને હિરણ્યાક્ષે રસાતળમાં ડુબાડી દીધી ત્યારે વરાહાવતાર ધારણ કરી હિરણાક્ષ અસુરને મારીને પૃથ્વીને જળ ઉપર લાવી સ્થાપી. વળી જ્યારે હિરણ્યકશીપુએ સમગ્ર પૃથ્વી પર પોતાના આસુરી બળથી સત્તા ચલાવીને હાહાકાર વર્તાવ્યો અને પોતે જ ભગવાન છે તેવા મતને પ્રર્વતાવ્યો, ત્યારે પિતાના મતનું ખંડન કરનાર તેનો જ પુત્ર પ્રહલાદ 'નારાયણ' નું નામ લેવા લાગ્યો અને સર્વેને નારાયણ જ ભગવાન છે તેમ પ્રચાર કરવા લાગ્યો. તે વાત પિતાને સહન ના થઈ. તેથી પુત્ર પ્રહલાદને જ મારી નાખવા કાજે કેટલાય પ્રયત્નો કર્યા. પરંતુ નારાયણ ભક્ત પ્રહલાદ ને કંઈજ ના થયું. તેથી હિરણ્યકશીપુ વધારે ક્રોધે ભરાયો. તેણે શ્રી નારાયણ ભગવાનને લલકાર્યા તો ભગવાને નરસિંહ સ્વરૂપે પ્રગટ થઈને તેનો વધ કર્યો ને ભક્તની રક્ષા કરી.

જ્યારે દૈત્યોનું સામર્થ્ય વૃધ્ધિ પામ્યું તેમનો રાજા બલી સમગ્ર ત્રિલોકનો સમ્રાટ બનીને બેઠેલો ત્યારે ભગવાને શ્રી વામન અવતાર ધારણ કરી તેની પાસે દાનમાં ત્રણ પગલાં પૃથ્વી માગીને બલીરાજાને પાતાળમાં ઘાલી દીધો. અને દૈત્યોના સામર્થ્યને ખતમ કર્યું. સહસ્ત્રાર્જુનના નિર્દોષ બ્રાહ્મણ પર અત્યાચારના દોષને કારણે ભગવાન પરશુરામે ક્ષત્રિયોના અભિમાનને ચકચૂર કરવા પૃથ્વીને એકવીશ વખત ક્ષત્રિય વગરની કરીને બ્રાહ્મણોને દાનમાં આપી.

પૃથ્વી પર અસુરો અને રાક્ષસોનો એટલો બધો ત્રાસ વધી ગયેલ કે પૃથ્વી પોતે તે ભાર સહન ન કરી શકી. પૃથ્વી એ દેવતાઓ અને ઋષિ-મુનિઓની સાથે ભગવાન પાસે જઈ વિનંતી કરી કે હવે તો ભગવાન અવતાર ધારણ કરીને અમારો ભાર ઓછો કરો. ત્યારે ભગવાને શ્રી રામાવતાર ધરીને અયોધ્યાનું રાજ્ય ના સ્વીકારી ચૌદ વરસ વનવાસ ભોગવી વીણી વીણીને અસુરો અને રાક્ષસોના રાજા રાવણને માર્યો. અને સમગ્ર અરણ્યને અભયનું વરદાન આપી ઋષિ-મુનિઓની રક્ષા કરી.

આવી રીતે શ્રી કૃષ્ણાવતારમાં પણ ભગવાને બાળપણમાંથી જ એક એક અસુરને મારવા માંડેલા. ગોકુળથી માંડી કુરૂક્ષેત્રમાં મહાભારતના યુધ્ધ સુધી આસુરીવૃત્તિવાળાને મારતા જ રહ્યા. અરે ! તેમણે પોતાના યાદવકુળમાં પણ અસુરતા નું દર્શન થયું તો તે યાદવકુળનો પણ પ્રભાસ પાટણમાં નાશ કર્યો !

ભગવાન આ પૃથ્વી પર અવતાર ધારણ કરવાના હતા, ત્યારે તેમને અશ્વસ્થામાનો શાપ મળેલ કે હે ધર્મ-ભક્તિ ! તમારાથી જે પુત્ર જન્મ પામશે તે શસ્ત્ર-અસ્ત્રને ધારણ નહિં કરી શકે ! આવો શાપ અશ્વથામાએ પોતાનો પૂર્વગ્રહ શ્રીકૃષ્ણ તરફ હતો તેથી આપેલ. કારણ કે મહાભારતના યુધ્ધમાં શ્રીકૃષ્ણે પાંડવોની સહાય કરીને અશ્વસ્થામાના શૌર્યને નકામું કરેલ હતું. તેથી અહિં એ જ ભગવાન અવતાર ધારણ કરવાના છે તો પ્રથમ થી જ તેને શસ્ત્રવિહિન કરી તેમના અવતાર કાર્યને નાકામયાબ કરી નાખું તેવો આશય હતો.

આમ તો ભગવાનનો આ અવતાર મુનિ દુર્વાસાનો શાપ બદરિકાશ્રમની સભામાં મળેલ તેના કારણે હતો. અને તે સમયે પૃથ્વી પર અસુરોનો ત્રાસ વધી ગયેલ તેના નાશ કરવા

ખાતર ધરી રહેલ હતા. પરંતુ અશ્વથામાનો શાપ આવી પડવાથી હવે ભગવાન અવતાર ધારણ કરીને કેવી રીતે અસુરો અને ખર દુષણોનો નાશ કરશે. તે એક ચિંતા ધર્મપિતા અને ભક્તિમાતાને મનમાં થવા લાગી. વળી જે જે ઋષિ-મુનિઓ કે મુક્તોએ ભગવાનને તેમના કાર્યમાં સહાય કરવા આ પૃથ્વી પર જન્મ ધારણ કરેલ તે સર્વેને ચિંતા થવા લાગી કે હવે ભગવાન કેવી રીતે અસુરોનો નાશ કરશે !

કારણ કે જેટલા ભગવાને અવતાર ધારણ કરેલ તેમાં અસુરો કે રાક્ષસોને શસ્ત્રોથી મારીને તેમને આ જગતમાંથી દૂર કરેલ છે.અધર્મથી બચાવેલ છે. અને ધર્મની સ્થાપના કરેલ છે. પરંતુ આ અવતારને તો અશ્વસ્થામાનો શાપ છે. શસ્ત્ર-અસ્ત્ર ધારણ કરી શકશે નહિં. તો અસુરોનો નાશ કેવી રીતે કરશે. અને તેમનાથી જગતને મુક્તિ કેમ દેશે ? પુનઃધર્મની સ્થાપના કેમ કરશે ? પ્રજાને અભયનું વરદાન કેમ દેશે ? સત્ય, અહિંસાને સદાચાર કેવી રીતે સ્થાપશે ?

આ વખતના અવતાર સમયે પ્રજાને અસુરોનો એટલો બધો ત્રાસ હતો કે તે અસુરોની સાથે સાથે સમાજ પણ આસુરીવૃત્તિને આચરતો થઈ ગયો હતો. પાખંડનું તાંડવ સમાજમાં નગ્ન નૃત્ય કરી રહેલ હતું. સદાચારી-સાધુ પુરૂષોને જીવવું કઠીન થઈ ગયું હતું. તેથી શ્રીજી મહારાજે પોતાના અવતાર કાર્યમાં એક જ ધ્યેય રાખેલ કે મારે અસુરોનો નાશ કરાવી વ્યક્તિમાં જે આસુરીવૃત્તિ છે તેનો મૂળમાંથી નાશ કરવો છે. તે કેવી રીતે ? તો તેનામાં જે આસુરીવૃત્તિ છે તેનો નાશ કરી દેવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે જે અંતઃકરણમાં અસુરવૃત્તિઓ ભરાઈ પડી છે તેને સદાચારથી સત્સંગથી, જ્ઞાનથી, ધર્મના આચરણથી, નાશ કરવી. અને તેને સદાચારી બનાવવો, તેને સત્સંગી બનાવવો. તેને સાધુ સંત બનાવવો. અને પછી તેને જીવવા દો. તો તે મનુષ્યને પણ જીવવાનો સનાતન આનંદ આવશે.અને જીવાડનારને પણ આનંદ આવશે !

હવે આ પ્રવૃત્તિ કે આ કાર્ય કાજે શ્રીજીમહારાજને શસ્ત્રો અસ્ત્રોને ધારણ કરવાની કોઈ જરૂર જ ન હતી. તેથી શાપ અનુગ્રહ સ્વરૂપે બની તેમણે પોતે સાધુ સ્વરૂપ વૃત્તિ કેળવી. પોતે તપ,સત્ય, અહિંસા, સદાચારના પ્રણેતા બન્યા. શાસ્ત્રોના સત્ય સ્વરૂપને સમાજ સમક્ષ સરળ સ્વરૂપે પ્રગટ કર્યું. ધર્મ અને અધર્મ શું કહેવાય તેની સ્પષ્ટ વાત કરી. તેમણે જ સમાજમાં જાતે વિચરણ કરીને કહ્યું કે બોલો, તમારે કેવી રીતે જીવવું છે ? ધર્મની સાથે કે અધર્મની સાથે ? ધર્મ જોઈતો હોય તો મારી વાતને સાંભળો, સમજો, વિચારો અને આચારમાં મુકો. મારી વાતને આચારમાં મુકશો ત્યારે જ મારા સત્સંગી બનશો. અને જ્યારે તમો સત્સંગી બન્યા કે કહેવાયા ત્યારે મારા અક્ષરધામમાં તમોને લઈ જવા તે મારૂં બીરૂદ છે. અને તે હું સત્ય કરી દેખાડીશ. તમો મારી વાણી અને મારા આધાર સ્વરૂપને સ્વીકારી લઈ સત્સંગી બનીને સમાજને સુધારો.

આમ શ્રીજીમહારાજે જે અણસમજુ, અજ્ઞાની કે આસુરીવૃત્તિના હતા તેમનામાંથી ષડરિપુઓને કાઢી મુક્યા. આસુરી વૃત્તિનો નાશ કર્યો. તેમાં કોઈને પોતાના ઐશ્વર્યથી, કોઈને પોતાના સાધુપણાથી, કોઈને શાસ્ત્રોના સત્યજ્ઞાનથી, કોઈને સમાગમથી, કોઈને સદાચારથી, કોઈને દર્શન માત્રથી, કોઈને સદભાવનાથી, કોઈને સમતાથી, કોઈને ક્ષમાથી, કોઈને બુધ્ધિથી, કોઈને ભયથી, આમ જે જે મુમુક્ષુને જેવા ભાવની જરૂર હતી તેવા બનીને તેની આસુરી વૃત્તિથી નિવૃત્ત કર્યા અને પોતાના સમીપ સત્સંગમાં બેસાડ્યા. અભય વરદાન આપ્યાં. ગધેડાને ગાય બનાવ્યા. કેટલાય અસુર મટીને સુર બની શ્રીજી મહારાજની ભક્તિ કરીને અંતે અક્ષરધામ ને પામ્યા.

માનવીને આ સંસારના ખોટા રંગે રંગાતો બચાવીને પોતાના અસલ આત્માના સ્વરૂપને ઓળખી શકે તેવો સત્સંગી બનાવ્યો. સત્સંગી માત્ર કુદિ પણ સમાજ કે જગતને ભાર રૂપ થતો નથી. અને તે ભગવાનના અવતાર કાર્યને આગળ જ ધપાવે રાખે છે. આજ છે શ્રીજીનું અવતાર કાર્ય, શસ્ત્ર-અસ્ત્ર વિનાનું !

જીવના ઉદ્ધાર માટે હરિસ્મરણ જપ પારસમણી

- ડો.પરેશ ગજ્જર (પેથાપુર)

"અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિશે વિશેષ નિયમ ધારવો, અને તે વિશેષ નિયમ તે કિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું, કથા વાંચવી, તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરી ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણા કરવી તથા ભગવાનને સાષ્ટાંગ દંડવત્ - પ્રણામ કરવા. શિક્ષા. ॥૭૭, ૭૮॥

સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતજનને 'ચાતુર્માસ' દરમ્યાન એટલે કે દેવશયનિ એકાદશી થી દેવ ઉઠી એકાદશી સુધી શિક્ષાપત્રીના શ્લોક ૭૭ અને ૭૮ માં પોતાના નિત્ય નિયમ ઉપરાંત, ઉપર જણાવેલ આઠ ઉત્તમ નિયમો માન્યા છે તે પૈકી કોઇ એક નિયમ વિશેષ પણે ધારવો.

ભગવાનના નામમાં તન્મય બનશું. તો આપણા પાપ બળશે. જપ કરવાથી પાપ બળે છે. અને તેથી પરમાત્માનાં દર્શન થાય છે. જપ કરવાથી મન સુધરે છે. જ્યાં સુધી જપ કરવામાં ન આવે ત્યાં સુધી પાપ કરવાની આદત છુટતી નથી. કેવળ પુસ્તકો વાંચવાથી પાપ છુટતું નથી, તેમજ વાસના પણ બળતી નથી. પાપ અને વાસના અખંડ શ્રીહરિનું સ્મરણ કરવાથી નાશ પામે છે. સતત જાપ કરવાથી જીવન સુધરે છે, સ્વભાવ સુધરે છે. અને અનેક જન્મના પાપના સંસ્કાર દૂર થાય છે.

જ્યારે પરમાત્માના નામ સાંથે પ્રિતી થાય છે ત્યારે ભક્તિમાં આનંદ આવે છે. માટે કરોડ કામ છોડીને પ્રભુનુ સ્મરણ કરવું. ઘણા લોકો ઘરનું કામ પતાવ્યા પછી માળા ફેરવવા બેસે છે. ખરી રીતે તો પ્રભુના નામના જપ કર્યા પછી જ ઘરમાં કામ કરવા જોઇએ. પ્રભુના નામનો જપ કરવાની આપણે ટેવ પાડશું તો આપણાથી પાપ ઓછા થશે. પાપ બળી જશે ત્યારે જ પ્રભુના નામમાં પ્રેમ જાગશે. અતિ પાપી હોય અને તે પ્રભુનું નામ લે તો તેનો બેડો પાર થઇ જાય.

નામ સ્મરણ કરવાથી પ્રગટ થયેલ પ્રભુ આપણું અજ્ઞાન દૂર કરશે. મંત્રની અંદર મનનો લય થાય ત્યારે જ પરમાત્મા પ્રગટ થઇને દર્શન આપે છે. માટે સતત જપ કરો. પ્રભુના જપમાં એટલી બધી શક્તિ રહેલ છે કે જે ભક્તો પ્રેમથી પ્રભુનું સ્મરણ કરે છે તેનું ધ્યાન ભગવાન અવશ્ય રાખે છે. માટે દિવસે પ્રભુના નામના જપ કરો. અને રાત્રે સૂતા પહેલાં પ્રેમથી જપ કરો. રસોઇ કરતી વખતે પ્રભુના નામનું સ્મરણ કરો તો ખાનારની બુધ્ધિ પણ સુધરશે. નારાયણ સરોવરને કિનારે પ્રચેતાઓએ જપ કરેલા. ત્યારે ભગવાન નારાયણ તેઓની સમક્ષ પ્રગટ થયા હતા, માટે જપનું મહત્વ ઘણું છે. જીવાત્માને જ્યાં સુધી પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો નથી ત્યાં સુધી તે પરમાત્મા નો પુનિત આશ્રય રાખે તો એક દિવસ જરૂર તેને પરમાત્માનો સાક્ષાત્કાર થશે. નામ સ્મરણ કરવાથી, ખરાબ ફળ આપતું પ્રારબ્ધ બદલાય છે, જન્મકુંડળીની ગ્રહદશા બદલાઇ જાય છે. અને સંકટ ટળી જાય છે. મુમુક્ષુઓ એ જપની સંખ્યા જેમ બને તેમ વધારવી જોઇએ. તેર કરોડ જપ કરવાંથી ભગવાનના સાક્ષાત્ દર્શન થાયછે.

જપ વિધિમાં સાધકે બે નિયમો અવશ્ય પાળવા. (૧) બ્રહ્મચર્ય (૨) કોઇનું ખાવું નહિ. જપ કરનારને જ્ઞાનની પ્રાપ્તિ થાયછે. એટલે કે જપ કરવાથી ચિત્ત શુધ્ધ થતાં અંદરથી જ્ઞાન સ્ફૂરે છે. આ કળિયુગમાં જીવના ઉદ્ધાર માટે આ સિવાય બીજો કોઇ ઉપાય નથી. મંત્ર અવશ્ય ફળે છે. રાત્રે પથારીમાં પડ્યા પછી, નિંદ્રા

(અનુસંધાન પાના નં.૧૭ પર)

ભૂકંપ પૂર્વે ભુજની પૂર્વ આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રાના દિવ્ય દૃશ્યો અનેરો ઇતિહાસ સર્જી ગયા

પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

પ્રત્યેક માનવીનો એનો અનુભવ હોય છે કે સમયની સાથે કેટલાક નિહાળેલા દૃશ્યો માનસ પટ પરથી ખસી જાય છે. પરંતુ કેટલાક દિવ્ય દૃશ્યો સ્મૃતિ પટ પર ચિરંજીવ બની જતા હોય છે. જેને વારંવાર વાગોળવાનું મન થતું હોય છે. એ દિવ્ય દૃશ્યોની સ્મૃતિમાં તો અપાર અલૌકિક સુખ રહેલું હોય છે.

શ્રીજી મહારાજ સ્વયં કચ્છમાં લગભગ સાત વર્ષ વિચર્યા. તેઓશ્રીનો સર્વધર્મ સમભાવ પ્રત્યેક ધર્મ કે સંપ્રદાયના લોકોને સ્પર્શી જતો. શ્રીહરિની મનુષ્ય લીલાનું ઊંડાને આંખે વળગે તેવું આ એક ખૂબજ અગત્યનું પાસું કહી શકાય. આ બાબતે પરધર્મીઓ તેમના પ્રત્યે ખૂબજ આકર્ષાયા. એટલું જ નહિ તેઓશ્રીને અતિ આદર થકી નિહાળવા લાગ્યા. શ્રીજી મહારાજના સંપર્કમાં આવવા લાગ્યા અને મોક્ષભાગી બન્યા.

શિક્ષાપત્રીના -૨૩ માં શ્લોક માં શ્રીજી મહારાજે વર્ણવ્યું કે, ".....અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવનું દર્શન કરવું."

શ્રીજી મહારાજે તો સ્વયં સર્વ અવતારના અવતારી હોવા છતાં નવ આગંતુકનો કયારેય બુદ્ધિભેદ થવા દીધો નથી. અને ઉપરોકત શિક્ષાપત્રીના શ્લોક મુજબ જ તેઓ શિવાલય, દેવાલયમાં આદરપૂર્વક દર્શને પધારતા. ભુજના કોટ વિસ્તારોના કેટલાક મંદિરોની ભૂમિ શ્રીજી મહારાજની ચરણ રજથી રંજીત થયેલી છે. ભુજમાં મહાદેવ ગેઇટની બહાર કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જ્યાં સ્વયંભુ પ્રગટેલ લીંગ પણ છે. મંદિરની બરાબર સામે રાજા શાહીના સમયની સેલોર વાવ છે. શ્રીજી મહારાજની પ્રસાદીની આ વાવ છે. શ્રીહરિએ આ મંદિરમાં પૂજન અર્ચન કરેલું છે. ભુજના કોટ વિસ્તારની અંદર પ્રવેશતાં જ દ્વારકાધીશ નું મંદિર આવેલું છે. અત્રે પણ દર્શનાર્થે શ્રીજી સ્વયં પધાર્યા છે.એ રસ્તા પર આગળ ચાલતાં હાટકેશ્વરનું મંદિર આવેલું છે.ત્યાં પણ શ્રીજી અવારનવાર દર્શને પધારતા અને તેથી થોડુંક આગળ ચાલતાં શ્રીરઘુનાથજીનું મંદિર વિદ્યમાન છે. જ્યાં રામાનંદ સ્વામીની બેઠક હતી. જે આજે પણ ભૂકંપ બાદ જર્જરીત અવસ્થામાં દેશ્યમાન છે.

૨૬ જાન્યુઆરી,૨૦૦૧ ના ભૂકંપમાં કોટ અંદરના આપણા ભવ્ય મંદિર સહિત ઉપરોકત બધા મંદિરોમાં ઘણુ નુકશાન થવા પામ્યું. ભગવાનની અસીમ કૃપાએ મૂર્તિઓ સલામત રહેવા પામી છે. આપણા દેવોને પણ કોટ બહાર આપણા વિદ્યાર્થી ભુવનના વિસ્તારમાં શાસ્ત્રોકત વિધિથી પધરાવવામાં આવ્યા. લગભગ પચાસ કરોડ રૂપિયાના ખર્ચે ત્યાં જ નવ્ય ભવ્ય મંદિર બની રહ્યું છે.

શ્રીજી મહારાજે પ્રસ્થાપિત કરેલી પરંપરા પ્રત્યેક આચાર્ય મહારાજશ્રીઓએ અપનાવી છે. સામાન્ય રીતે આચાર્ય મહારાજશ્રી જ્યારે જ્યારે ભુજ પધારે ત્યારે સંતો, હરિભકતો, ધર્મ પ્રેમીજનો તેમનું સ્વાગત સામૈયું કરવા ભુજની ભાગોળે જતા. આપણા પૂર્વ આચાર્ય મહારાજશ્રી પૂજ્ય તેજેન્દ્રપ્રસાદજીની શોભાયાત્રા મહાદેવ ગેઇટની બહાર શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય પાસેથી ધામધુમથી નીકળતી. કચ્છના સત્સંગી હરિભકતોની ચોવીસ ગામની રાસમંડળીઓ, સ્વામિનારાયણ વિદ્યાલયની બેન્ડ પાર્ટીઓ, વિદ્યાર્થીઓની લેઝીમ પાર્ટી, શ્રીજી મહારાજની દિવ્ય પાલખી અને શણગારાયેલા મોર, બતક, મગર કે અન્ય કૃતિવાળા શણગારાએલા ટ્રેકટર પર લોકોને દિવ્ય દર્શન આપતા આચાર્ય મહારાજશ્રી સંતો, પાર્ષદો સહ

વિરાજમાન હોય. પછવાડે સુશોભિત કળશધારી બહેનો ભગવાનના પદો ગાઈને ચાલી રહ્યાં હોયતો શોભા યાત્રામાં વચ્ચે સંતો હરિભકતો સ્વામિનારાયણ ભગવાનની ધુન્ય તાલીઓ પાડીને ગાઈ રહ્યા હોય. શોભાયાત્રામાં વચ્ચે વચ્ચે "સહજાનંદ સ્વામી મહારાજની જય" નો ગગનભેદી જયઘોષ ગુંજી રહ્યો હોય. શોભાયાત્રાનો એક છેડો મહાદેવ ગેઈટ પાસે હોય તો બીજો જુના મંદિર પાસે પહોંચી ગયો હોય. આ સમગ્ર માર્ગ પર આચાર્ય મહારાજશ્રી ના દર્શનાર્થે લોકોની ભીડ જામેલી હોય. લોકો કાગડોળે પ્રતિક્ષા કરી રહ્યા હોય.

આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમ શણગારાએલા ટ્રેકટર પરથી પ્રથમ કલ્યાણેશ્વર મહાદેવના દર્શનાર્થે પધારે ત્યાર બાદ શોભાયાત્રા કોટની અંદર પ્રવેશે ત્યાં પ્રથમ શ્રી દ્વારિકાધિશના દર્શનાર્થે પધારે ત્યાંથી શ્રીહાટકેશ્વરજીના દર્શને અને ત્યાંથી શ્રી રઘુનાથજીના દર્શન માટે શ્રીહરિના અપર સ્વરૂપ પધારે ત્યારે તની દિવ્ય દર્શનીયતા ના અપાર આનંદનું તો પૂછવું જ શું ? છેવટે આપણા મંદિરમાં પધારી સર્વોપરિ શ્રી નરનારાયણ દેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીઘનશ્યામ મહારાજ આદિના ભાવવિભોર થઈ દર્શન કરી સભામંડપમાં બિરાજમાન થતાં પહેલાં પ્રત્યેક સંતોની ક્ષેમકુશળતા પૂછે. સભામાં સ્વાભાવિક રીતે દોઢથી બે કલાક જેટલો સમય વ્યતીત થઈ જાય-ઉતારામાં પધારે તો પાછળ હરિભકતો દર્શન કરવા આવે છતાં સસ્મિત વદને મહારાજશ્રી સૌને આટલા શ્રમિત છતાં ભાવથી જય સ્વામિનારાયણ પાઠવતા જ રહે.

ભુજમાં મંદિર કોટ બહારના વિસ્તારમાં બની રહ્યું છે. જેની ભવ્યતા નિરાળી છે. કોટ વિસ્તારની અંદરની આ દિવ્ય શોભાયાત્રાનો ભવ્ય ઈતિહાસ અવશ્ય લખાશે. પરંતુ આ દિવ્ય શોભાયાત્રા નિહાળનાર ભાગ્યશાળીઓ જ્યારે આ દશ્યોનું પુનઃસ્મરણ કરે છે ત્યારે તેમના નેત્રો હર્ષાશ્રુઓથી ઉભરાઈ જાય છે. કારણ એટલું જ કે આવા શુભ દિવ્ય પ્રસંગોમાં શ્રીહરિ સદાય આપણી સન્મુખ હોય છે.

જીવના ઉધ્ધાર માટે (પાના નં.૧૫નું ચાલું)

આવતાં સુધી જપ કરવાથી અંતઃશત્રુ પરેશાન નહિ કરે. સંસારમાં મન ફસાય નહિ માટે પ્રભુએ નામ રૂપી અમૃત આપ્યું છે. જ્યારે વિકાર-વાસનાનો સંશય થાય ત્યારે નિરંતર પ્રભુ નામ સ્મરણ કરશો તો સંસારનું વાસના રૂપી ઝેર આપણને સ્પર્શ કરી શકશે નહિ. પરમાત્માના નામમાં જ્યાં સુધી પ્રીતિ થાય નહિ ત્યાં સુધી સંસારની આસક્તિ છુટતી નથી. જ્યાં નામ છે. ત્યાં નામી એવા પરમાત્માને પ્રગટ થવું પડે છે. નાજા જોગીયાએ અતિ વિકટ પરિસ્થિતિમાં ભગવાનને સંભાર્યા અને ભગવાન ૨૦૦ ગાઉ દૂરથી પોતાના ભક્તની લાજ રાખવા દર્શન દેવા પધાર્યા.

હંમેશા હરિ સ્મરણ કરીને પ્રભુના દર્શનનો અમૂલ્ય લાભ લઈને જીવન ધન્ય બનાવો. પૂર્વના પાપના સંસ્કારો પાપ કરાવે છે.એ સંસ્કારો હરિનામના જપ કરવાથી નાશ પામે છે. મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે.

જેમ ઘરની અંદર દિપક હોય અને તેને ઘરના ઉંબરા વચ્ચે મુકવામાં આવે તો તેના કારણે ઘરની બહાર પણ અજવાળું પડે છે. તેવી રીતે આપણી અંદર અને બહાર હંમેશાં જ્ઞાન રૂપી અજવાળું રહે એવું ઈચ્છતા હોઈએ તો જપરૂપી ઉંબરામાં હરિનામ રૂપી દીવો અખંડ ચાલુ રાખજો.

प्रसंग चतुष्टयम्

(પાના નં.૧૨નું ચાલું)

આવીને વેવાઈને વાત કરી.

વેવાઈએ કહ્યું, "હવે ઉંમર થઈ, કંઈ જ યાદ રહેતું નથી. અરે રે ! ઈ તો મોરબીના મકનજી ભટ્ટ લઈ ગયા છે. તેથી મોરબી ગયા. ભટ્ટજીએ કહ્યું કે પુસ્તક તો પાછું મોકલી દીધું છે.

વેવાણે પુસ્તક ઘરમાંથી કાઢીને વેવાઈને આપ્યું, વેવાઈએ કહ્યું, "પંચોલી મને દંડવત્ પ્રણામ કરે તો જ પુસ્તક આપું."

"અરે ! આ તો ભગવાન સ્વામિનારાયણ અર્થે છે. કહો તો માથું ઉતારી આપું." એમ કહી દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. અને પુસ્તક લઈ મહારાજ પાસે આવ્યા. મહારાજ કહે, "અમારા માટે શત્રુને દંડવત્ કર્યા. ધન્ય છે."

"દંડવત યાત્રા"

- પટેલ સંજય કાંતિલાલ (મેઘાણીનગર)

આપણે સૌ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત આ લોકને વિષે અને પરલોક ને વિષે મહાસુખિયા હોય છે. કારણ કે એ મહાપ્રભુનું વરદાન છે. આમ છતા, આપણે સાંસારિક જીવ છીએ.એટલે આપણી ઘણી બધી ઇચ્છાઓ હોય તેમાં પુત્રપ્રાપ્તિ એ દરેક સાંસારિક જીવની મહેચ્છા હોય છે. ઇચ્છા ગમે તે હોય પણ મહારાજમાં અને તેમના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રીમાં જો પૂરી શ્રધ્ધા હોય અને ભક્તિ જો ઉત્તમ માર્ગે થતી હોય તો ઇચ્છા ચોકકસ પૂરી થાય છે. તેનું જ એક ઉદાહરણ આપું. આપણા સંપ્રદાયનું એક અગત્યનું સર્વોત્તમ પાસુ એ છે કે સંપ્રદાયમાં અનેક ઉત્સવો, ધાર્મિક પ્રસંગો થતા રહે છે. આવો બીજો કોઈ જ સંપ્રદાય નથી. જેમાં પ.પૂ.ધ.ધુ.આચાર્યમહારાજશ્રી અને સંત-હરિભકતોનો સુભગ સમન્વય હોય. આચાર્ય મહારાજશ્રીના એક બોલે સમસ્ત સંપ્રદાય ટુકટુક થઈ જાય. મહાપ્રભુએ આ કળિયુગમાં સુંદર આયોજન કર્યું છે. આ જીવના સ્વભાવ પ્રમાણે જયાં આપણે ભગવાનની દિવ્યતા વિસરતા જઈએ કે તરત જ કોઈ પ્રસંગ આવી જાય અને પ્રભુ નો નિશ્ચય દૃઢ થઈ જાય. એમાંય વળી ધનુર્માસ, અધિકમારામાં મંદિરોમાં કથા-વાર્તા વંચાય, મંત્રજાપ થાય, ધૂન બોલાય, આમ પુણ્યકર્મ થતા રહે. લગભગ આજથી ચાર વર્ષ પહેલા એક હરિભક્ત કનુભાઈ પી. પટેલ (કલ્યાણપુરા) ધનુર્માસમાં કાલુપુર મંદિરમાં સભામંડપમાં બેઠેલા હતા. આ હરિભક્તનો એક નિયમ છે. દર વર્ષે ધનુર્માસમાં સવારે ૩-૦૦ વાગે અચૂક કાલુપુર મંદિરે પહોંચી જવુ. અને શ્રીનરનારાયણ દેવની પ્રદક્ષિણા કરવી. પરોઢિયા નો સમય હોય, સભામંડપમાં કથા વંચાતી હોય, કેટલાય સંતો અનેહરિભકતો સભામંડપમાં બેઠેલા હોય અને હૃદયમાં શ્રીનરનારાયણદેવ વિરાજમાન હોય એવા સમયે તેમને એક સંકલ્પ કર્યો. મહાપ્રભુને વિનંતી કરી કે "હે પ્રભુ ! જીવનમાં એક દુઃખ છે. અને મારી એક ઇચ્છા છે, જ્યાં સુધી તારી દયા ન થાય ત્યાં સુધી એક ટાણા કરીશ.અને મારા ગામથી જેતલપુર સુધી દંડવત્ પ્રણામ ની યાત્રા કરી એકટાણા નો નિયમ છૂટો કરીશ." આ નિયમ ચાર વર્ષ સુધી પાળ્યા પછી છેવટે મહાપ્રભુએ ઇચ્છા પૂરી કરી. શ્રીજી મહારાજ તો પરમ દયાળુ છે. તેમના પરમ ભકત દાદાખાચરને પુત્રરત્ન આપી જસુબાઈને દીધેલા કોલ પૂરા કર્યા હતા. આજે પણ દયાળુ સર્વોપરિ શ્રીહરિ મંદિરમાં, આચાર્ય મહારાજશ્રીમાં અને શાસ્ત્ર સ્વરૂપે અખંડ બિરાજે છે. અને હરિભક્તોની ઇચ્છા પૂરી કરે છે.

આપણે સૌ ખૂબ ભાગ્યશાળી છીએ. આપણો સંપ્રદાય ખૂબ ઉત્તમ છે. ભગવાન કેમ રાજી થાય એ આપણે શોધવા જવું પડતું નથી. પરંતુ ભગવાને જ આપણને માર્ગ બતાવ્યો છે. શિક્ષાપત્રીમાં મહારાજે આઠ નિયમો સૂચવ્યા છે. તેમાં અપાર શક્તિ છે. આ નિયમો તો મહાપ્રભુ ને રાજી કરવાના સાધનો છે. કથાનું શ્રવણ, કથા વાંચવી, ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી, ભગવાનના મંત્રનો જપ કરવો, સ્તોત્ર પાઠ કરવો, ભગવાનની પ્રદક્ષિણા કરવી અને ભગવાન ને સાષ્ટાંગ નમસ્કાર કરવા. આ નિયમ પૈકી એક પણ નિયમ દ્રઢ આત્મ વિશ્વાસને પુરી શ્રધ્ધાથી પાળે તો તેનું અદ્‌ભુત ફળ મળે જ છે. તેવા જ એક અદ્‌ભુત નિયમનો પરચો જોઈએ. તા. ૯-૫-૨૦૦૫ વૈશાખ સુદ એકમના રોજ સવારે ૪ વાગે પ.ભ. કનુભાઈ પી. પટેલ તેમના ગામ કલ્યાણપુરા

(તા.માણસા) થી જેતલપુર (૭૫ કિલોમીટર) દંડવત્ પ્રણામ કરતા નીકળ્યા. આવી કઠીન યાત્રા ક્યારે પૂરી થશે એવી શંકાથી બધા જ ગામના ભક્તો એ અશ્રુભીની આંખે વિદાય આપી. આ યાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. રોજના આઠ હરિભક્તો (યુવકો) યાત્રામાં જોડાય અને દરેક બે દિવસે મંડળ બદલાયા કરે. એવા સાત મંડળ તૈયાર કરવામાં આવ્યા હતા. આ યાત્રા ચાલતી હોય ત્યારે મનમાં અચૂક એવી ઇચ્છા થાય કે જો આપણા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ના દર્શન થાયતો અહો ભાગ્ય ! ઇચ્છા જો સાચા મનથી કરી હોય તો ચોક્કસ પૂરી થાય. અને ત્યારે જ તા.૧૪-૦૫-૨૦૦૫ વૈશાખ સુદ છઠ્ઠના દિવસે આચાર્ય મહારાજશ્રી માણસા મંદિરે પાટોત્સવ પ્રસંગે પધાર્યા. અને પાછા ફરતી વખતે ગાંધીનગરમાં તેમને દર્શનનો યોગાનુયોગ લાભ મળ્યો. પૂ. મહારાજશ્રીની અમી ભરેલી દૃષ્ટિ અને આશીર્વાદ થી જાણે એક અદ્‌ભૂત અનુભૂતિ થઇ ! એવું લાગ્યું કે જાણે મહાપ્રભુ એ પોતે પધારીને આશીર્વાદ આપ્યા. તા. ૨૦-૫-૨૦૦૫ વૈશાખ સુદ અગિયારસની સવારે ૭ વાગે આ મંડળ કાલુપુર મંદિરે આવી પહોંચ્યુ. મંદિરે આવતા જ પરમેશ્વર સ્વામી વગેરે સંતો એ ઘનશ્યામ મહારાજની પ્રસાદીનો ફૂલોનો હાર પહેરાવીને આશીર્વાદ આપ્યા. અગિયારસના દિવસે સવારે એ જ પવિત્ર પ્રસાદીના સભામંડપમાં પ.પૂ. મોટા મહારાજશ્રી ના આશીર્વાદ લીધા. ગમે તેવા થાક્યા હોય, ઉજાગરા હોય, શરીરે કસર હોય છતાંય સદાય હાસ્ય જેઓના મુખ પર છવાયેલુ હોય એવા પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન માત્રથી આ બધું જ દુઃખ દૂર થઇ જાય ત્યાં વળી તેઓશ્રીના દિવ્ય આશીર્વાદ મળે પછી શું બાકી રહે ? અગિયારસના દિવસે સર્વોપરિ શ્રી નરનારાયણદેવના દર્શન

"શુભ મનોરથ કરવાનું આપ બાકીનું છે અને એ પરિપૂર્ણ કરવાનું આપ બાકીનું છે."

કરી યાત્રાનો પ્રવાહ આગળ ચાલ્યો. તા.૨૩-૫-૨૦૦૫ વૈશાખ સુદ પૂનમના દિવસે ફરીથી રસ્તામાં જ અસલાલીમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન થયા. પૂનમના દિવસે જેતલપુરમાં દર્શન માટે આવતા હજારો હરિભક્તોના દર્શન થયા. આ જ દિવસે અસલાલીમાં જ્યાં ભગવાનની છત્રી છે. ત્યાંથી બીજા હરિભક્ત વિષ્ણુભાઇ એન. પટેલે પણ દંડવત્ શરુ કર્યા. જેમ દૃષ્ટિ થી હરિકૃષ્ણ મહારાજ નજીક આવે તેમ મંદિર દૂર જતુ લાગે. હવે પછીનો ખૂબ ટૂંકા રસ્તો વધુ કઠીન અને લાંબો લાગતો જણાયો ! હૃદયમાં મૂર્તિનું સ્મરણ થતા જ આંખમાંથી અશ્રુની ધારા વરસવા માંડે ! જેતલપુરમાં જ્યાં મંદિરના શિખરના દર્શન થયા ત્યારે જેતલપુરના મહંતસ્વામી, કોઠારી સ્વામી વગેરે સંતો પણ શ્રીહરિના આવો ભક્તો માટે સદા તત્પર હોય છે. તેથી મહારાજની પ્રસાદીનો હાર પહેરાવી ખૂબજ હર્ષ અને લાગણીથી અંતરના આશીર્વાદ આપ્યા. મંદિરમાં પ્રવેશતાની સાથે જ જાણે અશ્રુઓનો બંધ તૂટી ગયો ! બધા જ હરિભક્તોની આંખમાંથી હર્ષનો વરસાદ વરસવાં માંડ્યો. "૧૬" દિવસની કઠીન યાત્રા પછી રેવતીજી-બળદેવજી-હરિકૃષ્ણ મહારાજના દર્શન કરીને. તા.૨૪-૫-૨૦૦૫ વૈશાખ વદ એકમના દિવસે યાત્રાની સમાપ્તિ કરી.

સર્વોપરિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં સ્વસ્વરૂપોની સ્થાપના કરી છે તેવા અલૌકિક મંદિરોમાં પ્રસ્થાપિત દેવ આ દુનિયા કે કોઈ બ્રહ્માંડમાં બીજે ક્યાં મળે ? જેથી અહી આવતા હજારો દુઃખીયારા ભક્તોના મનોરથ, સંકલ્પ મહારાજ પરિપૂર્ણ કરે છે. આજ આ સંપ્રદાય અને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીની વિશેષતા છે

ભક્તોને જે દુઃખ મળે છે. જીવનમ જે કઠીનતા આવે છે.એ કોઈ શાપ નથી. પરંતુ એ સમજી ના શકાય એવી ભગવાનની કૃપા છે. એ જ તો ભક્તની કસોટી છે. કહેવાય છે ને "કસોટી તો કંચનની જ થાય, કથીરની કસોટી ન હોય."

સત્સંગ સુરભિ : મારો તો બસ સહજાનંદ

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

જસદણના નાજા જોગિયા. પોતે કાઠી હરિભક્ત. ભગવાનના નામ સ્મરણના અઠંગ ઉપાસી. વાતો બહુ મોટી નહિ. વ્યવહાર પણ નાનકડો. પરંતુ સ્વામિનારાયણ ભગવાન સાથે અસીમ પ્રેમ. સ્નેહ અને નિષ્ઠામાં બહુ મોટા હરિભક્ત. મૂળ ભોંયરા ગામના વતની. ગામમાં ફરી ફરીને શ્રીજી મહારાજના નામનું માહાત્મ્ય સંભળાવે અને દરરોજ બે ત્રણ ને તો સત્સંગી બનાવે.

ધીરે ધીરે આ વાતની ચર્ચા એક વાર રાજાના દરબારમાં થઈ. કહે કે આપણા ગામનો એક નાનો અમથો, કાઠી નાજો જોગિયો, બસ આખો દિ "સ્વામિનારાયણનું જ " ગાયા કરે છે.

ત્યાંનો રાજા વાસુર ખાચર મહા નિર્દયી રાજા હતો. ગમે તે નાના મોટા ગુના કર્યા હોય પરંતુ બધા જ ગુનેગારોને એક જ સજા. એક રૂપિયો ચોર્યો હોય કે લાખ ચોર્યા હોય, બધાને એક જ દંડ, એને પકડીને તેના ઢીંચણ ભાંગી નાંખી એક ખાઈમાં ફેંકી દેવાના. બિચારો સબડી સબડીને મોત ને ભેટે.

નાજા જોગિયાની વાત સાંભળીને રાજાએ તેમને દરબારમાં બોલાવ્યા. ભક્તે તે ટેવ પ્રમાણે પ્રભુ ભજન ના મહિમાની અને સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્યની વાતો કરી.

સ્વામિનારાયણનું નામ પડતાં જ વાસુરખાચર તો તાડુક્યા, કહે, "સાંભળી લે નાજા, તારા કહેવા પ્રમાણે સ્વામિનારાયણ જો ભગવાન હોય તો કાલે સૂરજ ઉગતા પહેલાં મને દર્શન આપે અને જો નહીં આપે તો તારા ઢીંચણ ભાંગી નાંખીશ."

નાજા જોગિયા કહે, "પણ દરબાર ! મહારાજ તો ગુજરાતમાં છે." રાજા વધારે ઉછળ્યો, ગુજરાતમાં હોય કે સમદ્રની પેલે પાર હોય, ભગવાનને કશું જ અસંભવિત હોય નહીં, એતો અંતર્યામી હોય. માટે જો મને દર્શન નહીં થાય તો તારું આવી બન્યું સમજજે." નાજો કહે, "ભલે દરબાર, તમે મને મારો કે તારો, મારો તો બસ સહજાનંદ જ છે."

નાજા ભક્ત ઘરે આવ્યા. ખાવાનું ભાવ્યું નહીં, ઊંઘ તો ક્યાંથી આવે. બસ, એક આસને બેસી ગયા અને સ્વામિનારાયણ,સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ષડક્ષરી મહામંત્રની અખંડ ધૂન કરવા લાગ્યા.

મહારાજને મનોમન પ્રાર્થના કરે. "હે મહારાજ ! મને મારો જીવ જાય એની નથી પડી, પરંતુ તમારું નામ બદનામ થાય એ હું નહીં સાંખી શકું. માટે હે મહારાજ ! વહેલાસર આવી રાજાને દર્શન દેજો જેથી મહેણું ટળે." એ વખતે તો શ્રીહરિ ઉત્તર ગુજરાતમાં વિસનગર ગામે વિરાજમાન હતા. અરધી રાતે એકદમ જાગીને તૈયાર થઈ ગયા. મુળજી બ્રહ્મચારી પણ હાંફળા ફાંફળા જાગી ગયા, "અટાણે મહારાજ ક્યાં જવા તૈયાર થાવ છો ?" મહારાજ કહે, "બ્રહ્મચારી, કશું જ પૂછશો નહીં. મારો ભક્ત મોટી મુશીબતમાં છે. જો સૂરજ ઉગતા પહેલા નહીં પહોંચુ તો મારું નામ લજવાય.

મગરમચ્છના મુખમાં ગજેન્દ્ર (હાથી) ફસાયેલો હતો અને એનો આર્તનાદ અને પ્રાર્થના સાંભળી જેમ ગરુડ ઉપર વિરાજમાન થઈ શ્રી હરિ પધારેલા અને ગજેન્દ્ર મોક્ષ કરેલો, એવી જ રીતે ભક્ત વત્સલ ભગવાન એકદમ દોડ્યા. આખી રાત જાણે દોડ્યા. ચાલવા જઈશ.તો મોડુ થઈ જાય ને મારો ભક્ત બિચારો વગર મોતે મરી જાય.

પગમાં મોજડીઓ પણ પહેરી નથી. વહેલી પરોઢે નાજા ભક્તની ડેલીએ આવી ટકોરા દીધા.

નાજાભક્ત જાણે સમાધિમાંથી ઊઠ્યા. અને દરવાજો ખોલ્યો. સામે સાક્ષાત્ શ્રીહરિને ઊભેલા દીઠા !

પરસેવાના બિંદુઓ જાણે સ્નેહનાં મોતી બનીને શ્રીહરિના મુખારવિંદ ઉપર ચમકતાં હતા. આંખોમાં ભક્ત ઉપરનો કરુણા ભાવ લાલીમા બનીને ઉપસી આવેલો. પગમાં મોજડીઓ તો હતી નહીં. રસ્તામાં ઝાંખરા-કાંટા

(અનુસંધાન પાના નં.૨૩ ઉપર)

બંગલો અને ધર્મશાળાનો ભેદ

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

જ્યાં રાત્રિ નિવાસ થાય ત્યાં ઘર,
જ્યાં જમવાનું મળે ત્યાં ભોજનશાળા,
જ્યાં પીવાનું પાણી મળે ત્યાં પરબ.

એવા એક અલખનિરંજન મહાત્મા ફરતા ફરતા કોઈ એક નગરમાં આવી પહોંચ્યા. અંધારાના ઓળા ઉતરી રહ્યા હતા. આગળ રસ્તો અજાણ્યો હોવાથી આ નગરમાં જ રાત્રી રોકાણ માટે ધર્મશાળાની શોધમાં આમ તેમ ફરવા લાગ્યા. રસ્તામાં નગરના રાજાનો વિશાળ મહેલ દેખાયો. આજુબાજુ મોટા બગીચા, જાત જાતના વૃક્ષો અને પુષ્પોના છોડ શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા. મહાત્માને મન તો બંગલો ને જંગલો બધું સરખું જ હતું. એમને તો રહેવા માટે માત્ર થોડી જગ્યાની જ જરૂર હતી તેથી મહેલની એક પરસાળમાં જઈ ઘાસની સાદડી બીછાવી બેસી ગયા. પ્રભુનું સ્મરણ કરવા લાગ્યા.

થોડીવારમાં બે ચોકીદારો આ મહાત્મા પાસે આવી પહોંચ્યા અને હાંકોટો માર્યો. એ બાવલા ! અહીં કોની રજા લઈને બેઠો છે ? આ કાંઈ બાવાઓને રહેવા માટેની ધરમશાળા નથી આ તો રાજાનો મહેલ છે. માટે અહીંથી ચાલ્યો જા. મહાત્માએ ચોકીદારોને સમજાવતાં કહ્યું કે જુઓ ભાઈ ! મારે ફક્ત અહીં આજની રાત્રિ જ રોકાવું છે. સવારે હું ચાલ્યો જઈશ. મારે બીજું કાંઈજ જોઈતું નથી અને હું કોઈ નુકશાન કરવાનો નથી. મારાથી તમને કોઈ મુશ્કેલી નહીં થાય. ત્યારે ચોકીદારોએ પોતાના અસલ સ્વભાવમાં આવીને ઉંચા અવાજે કહ્યું કે બાવા ! એક રાત તો શું પણ એક મિનિટ પણ રહેવા નહીં મલે, સમજીને ચાલ્યો જા. ઉભો થઈ જા નહી તો તારું આસન, ઝોળી બધું બહાર ફેંકી દઈશું. મહાત્માજીએ વિનંતીના સ્વરમાં કહ્યું કે ભાઈઓ ! અત્યારે રાત્રીના સમયે હું ક્યાં જાઉં અજાણ્યો વિસ્તાર છે. માટે મહેરબાની કરીને મને આજની રાત રોકાવા દો તો સારૂં, પણ આ તો સાંભળે એ બીજા. કહેવત છે ને કે "હુજુર કરતાં હજુરીયા ભૂંડા." મન ફાવે તેમ બોલવા માંડ્યા.

રાજા બારીમાંથી આ બધું જોઈ રહ્યો હતો. તેને એમ વિચાર આવ્યો કે આ કોઈ પવિત્ર મહાત્મા હોય તેવું લાગે છે. જો મારા માણસો તેને પરેશાન કરશે તો મને અપરાધ થશે. એમ વિચારીને રાજા મહાત્માની પાસે આવ્યા. નમસ્કાર કર્યા. બધી વાત જાણી પછી કહ્યું કે મહાત્માજી ! આ તો મારો મહેલ છે. ધર્મશાળા નથી. માટે આપ ચિંતા ન કરશો. હું આપની સાથે માણસ મોકલું છું જે આપને સારી ધર્મશાળામાં વ્યવસ્થા કરી આપશે.

મહાત્માજીને આ રાજા મુમુક્ષુ સુપાત્ર જણાયો. તેથી તેનું હિત કરવાનો વિચાર આવ્યો. રાજાને કહ્યું રાજન મહેલ અને ધર્મશાળામાં કોઈ તફાવત નથી. મારા મતે તો આ ધર્મશાળા જ છે. આ સાંભળી રાજા તો આશ્ચર્ય ચકિત થઈ ગયો. મહાત્માજી સામે આશ્ચર્યની દ્રષ્ટિથી જોઈ રહ્યો. ત્યારે મહાત્માજીએ કહ્યું રાજન ! આ મહેલ કોણે બંધાવ્યો હતો ? ત્યારે રાજાએ કહ્યું મારા દાદાના દાદાએ આ મહેલ બંધાવ્યો છે અને પાંચ પેઢીથી વડવાઓ આમાં રહેતા આવ્યા છે. અત્યારે હાલમાં આ મહેલમાં હું રહું છું. ત્યારે મહાત્માજીએ કહ્યું હે રાજન્ ! વિચાર કરો જેને મહેલ બંધાવ્યો એ આપના વડવા કાયમ રહ્યાં નથી. એમનો સમય થયો એ પણ મુકીને ચાલ્યા ગયા અને પરંપરામાં બીજા જે આપના વડવાઓ હશે તે પણ બધા જ આ મહેલમાં થોડો સમય રહી અને પછી ચાલ્યા ગયા છે. અને આપ પણ આ મહેલ મુકીને ચાલ્યા જવાના છો. તો જેમ ધર્મશાળામાં સહુ મુસાફરો કોઈ પાંચ દિવસ, દસ દિવસ, પંદર દિવસ રહીને ચાલ્યા જાય છે. એને કોઈ પોતાની માનતા નથી એ જ રીતે આ મહેલ પણ એક ધર્મશાળા છે. સૌ

સૌના નક્કી સમય સુધી રહીને ચાલ્યા જવાના છે. કોઈ આમા કાયમ રહેવાના નથી. તે બધા વડવાઓને મુસાફરો માની લો અને આ મહેલને ધર્મશાળા માની લો. અને આપ પણ એક મુસાફર જ છો. સમય થયે તમારે પણ ચાલ્યા જવાનું છે. માટે હવે આપ જ કહો કે ધર્મશાળામાં અને મહેલમાં શું ફેર છે. મહાત્માજીની આ વાત સાંભળી મુમુક્ષુ એવો આ રાજા મહાત્માજીના પગમાં પડી ગયો અને બોલ્યો કે આપ મારા ગુરુ. આપે ખરેખર મારી આંખ ઉઘાડી છે. મારા મનમાં જે આસક્તિ અને મોહ હતો તે આપે દૂર કર્યો છે. હું આપનો ઉપકાર કદાપિ નહી ભૂલું. મહાત્માજી પણ પોતાનું અહીં આવવું સાર્થક થયું માનીને પ્રભુ સ્મરણ કરતાં કરતાં ચાલ્યા ગયાં.

વ્હાલા ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આપણને નિત્ય પ્રત્યે સંત સમાગમ કરવો એમ આજ્ઞા કરી છે. તો થોડીવાર પણ સાચાં સંતપુરુષોનો સત્સંગ મળે તો રાજાની જેમ આપણને નિર્મોહી અને અનાસક્ત બનાવી ભગવાનના ધામનાં દ્વાર ખોલી આપે છે. પ્રથમના ૫૪માં વચનામૃતમાં જીવને મોક્ષનું દ્વાર કઈ રીતે ખુલ્લું થાય એ પ્રશ્નના જવાબમાં પણ સ્વામિનારાયણ ભગવાને આજ વાત કહી છે કે :

प्रसंग मजरंश्वास मात्मन: कवयो विदु: ।
स એવ साधुषुकृतो मोक्ष द्वार मपावृतम् ॥

ભગવાનના એકાંતિક સાધુના સત્સંગથી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને મોક્ષનું દ્વાર એવા સાધુપુરુષોના સમાગમથી ખુલે છે.

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

માણસ-માણસમાં બહું ફેર હોય છે. ભગવાને બધાને હાથ, પગ, નાક, કાન આપ્યા છે. આંખો પણ આપી છે. પણ "મન" ભગવાને એવું આપ્યું છે કે બધાનું એક સરખું નથી વિચારી શકતું. દૃષ્ટિ એક સરખું જોઈ શકતી નથી. દરેક પોતાની દૃષ્ટિથી બીજાને જોતા હોય છે. એ અજ્ઞાની કહેવાય.

એક ગામની ભાગોળે એક વટેમાર્ગુ વિસામો લેવા બેઠો હતો. ખૂબ થાકી ગયો હોવાથી તેણે પોતાના બિસ્તરા પોટલા ઝાડ નીચે રાખી માથું દઈ થોડો આરામ કર્યો. પછી કૂવામાંથી જાતે પાણી કાઢી પાણી પીધું. સંધ્યાનો સમય વિતતો જતો હતો. રાત્રીનું અંધારૂં થઈ રહ્યું હતું. તેવામાં આ વટેમાર્ગુ ઝાડ નીચે આંખો બંધ કરીને પલાંઠી વાળીને બેઠો છે, તેજ સમયે એક ચોર ત્યાંથી પસાર થયો. તેની નજર આ વટેમાર્ગુ પર ગઈ. અરે ! આ અહીં કોણ બેઠું છે. અંધારૂં થવા આવ્યું છે. હં ..... સમજી ગયો. આ મારા જેવો કોઈ ચોર જ છે. મારો ધંધાભાઈ. હજુ ગામમાં દિવા બળતા દેખાય છે. રાત્રી બરાબર ઢળી નથી અને વહેલો પહોંચી આવ્યો છે માટે આવો ઢોંગી થઈને બેઠો છે. શું ઢોંગ શોધી કાઢ્યો છે ! ..... પલાંઠી વાળીને કોઈ ઓળખી જ ન શકે. આવું તો મને પણ નથી આવડતું. હવે તો મને ખબર પડી ગઈ. હું એ આમ કરવાનો. આવા વિચારો કરતો કરતો આ ચોર ત્યાંથી પસાર થઈ ગયો.

પછી બીજો માણસ આવ્યો. તેણે બરાબર દારૂ પીધો હતો. લથડતો લથડતો આવતો હતો. વારે વારે પડી જાય. માંડ માંડ ઉભો થાય. મોઢેથી બબડતો જાય, રાડો નાંખતો જાય. આ દારૂડીયાની નજર પણ ઝાડ નીચે બેઠેલા વટેમાર્ગુ પર ગઈ. દારૂડીયો તેને જોઈ હસવા લાગ્યો. આ જ વધારે પી લીધી લાગે છે. નશો ચડ્યો છે બરાબરનો ! આગળ ચાલી નહી શકતો હોય એટલે અહીં બેસી ગયો છે જ્યાં આ દારૂડીયો ત્યાંથી જાય છે ત્યાં તો ત્રીજો માણસ આવે છે.

તે ભગવાનના નામનું સ્મરણ કરતો આવતો હતો. ભજનિક હતો. ભગવાનનો ભક્ત હતો. તેની નજર પણ આ વટેમાર્ગુ પર ગઈ. એટલે વિચારવા લાગ્યો કે વાહ ! સાચું સુખ તો આમાંજ છે. જુઓને કેવું ભગવાનનું ધ્યાન કરવા માટે એકાન્ત સ્થળ આ ભાઈએ શોધી લીધું છે. અહીં આ સમયે કોઈની બહુ ખાસ અવરજવર નથી, શાંતિ છે. માટે આ સજ્જન માણસ અહીં બેસીને ધ્યાન કરે છે. કેટલી સરસ વાત કહેવાય ! આવું વિચારી આ માણસ પણ ત્યાંથી જતા રહ્યો.

આ વાત વાંચી મનમાં એમ થશે કે વાત તો સાચી છે. ચોરે પોતાની રીતે જોઈને વિચારી લીધું કે આ મારી જેમ

સત્સંગ સુરભિ (પાના નં.૨૦નું ચાલું)

ચોર જ છે. દારૂડીયાએ પોતાની રીતે જોઈને વિચારી લીધું કે આ મારી જેમ દારુડીયો જ છે. ભગવાનના ભક્તે પણ પોતાની રીતે જોઈ વિચારી લીધું કે આ મારી જેમ સજ્જન ભગવાનનો ભક્ત છે. માણસ જેવા રંગના ચશ્મા ચઢાવે તેવું તેને દેખાય છે. કાળા રંગના ચઢાવનારને બધું કાળુ જ દેખાય છે. તેમ માણસ પોતાના મનથી જેવું વિચારે તેવું તેને દેખાય છે. દૂર્યોધનને આ જગતમાં કોઈ સજ્જન દેખાતું નહોતું અને યુધિષ્ઠિરને કોઈ દુર્જન દેખાતું નહોતું. એટલે જ કહેવત પડી કે "જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ" જેની દૃષ્ટિમાં ભગવાન હોય તેને સર્વત્ર ભગવાન દેખાય. મુક્તાનંદ સ્વામીએ આ કીર્તનમાં પણ એ જ વાત વર્ણવી છે.

"અનુભવીને અંતરે રહે રામ વાસે રે,
તે બોલે તે સાંભળે દૃષ્ટિ પ્રકાશે રે,
જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે."

જે જીવનમાં દરેક કાર્યોમાં ભગવાનને યાદ કરે તો તેનો બેડો પાર થઈ જાય.

"ખાતાં, પીતાં, હરતાં, ફરતાં
કરતાં ઘરનું કામ,
સ્વામિનારાયણ
સ્વામિનારાયણ રટીએ આઠું જામ.
નિત્ય સંભારીએ ઘડી ન
વિસારીએ સ્વામિનારાયણ નામ."

વાગેલાં તે ચરણારવિંદમાં લોહીની ટશરો ફૂટેલી. નાજા ભક્ત મહારાજ ને દંડવત્ પગે લાગ્યા. મહારાજ કહે, "ચાલો ભગત ! તમારા દરબાર ને મળવા આવ્યો છું. સૂરજ ઉગવાને હજુવાર છે."

સવારનું પહેલું કિરણ હજુ ફૂટ્યું પણ નહોતું.અને શ્રીજીમહારાજ તથા નાજા ભક્ત દરબારની ડેલીએ આવીને ઊભા રહ્યાં.

વાસુર ખાચરે શ્રીહરિની આંખો સામે દૃષ્ટિ કરી ને એને સમાધિ થઈ ગઈ. સમાધિમાં જમપુરીમાં મોકલ્યો. ત્યાં જમનો માર ખવડાવ્યો. જેવી સમાધિ ઉતરી કે એમને પોતાના કર્મોની ભૂલ સમજાઈ. મહારાજને પગે લાગ્યા. મહારાજ કહે, "દરબાર, નાના મોટા ગુનાસર કોઈ જીવને આ રીતે રીબાવી રીબાવીને મારવો એ રાજાને શોભે નહિ. સૌ સાથે પ્રેમભાવ થી વર્તી ને સુખેથી રાજ ચલાવો."

પછી નાજા ભક્ત મહારાજને ઘરે તેડી લાવ્યા. ગરમ પાણીથી મહારાજનાં ચરણો ધોયા. નાજા ભક્તની આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યાં છે."હે મહારાજ, અમ જેવા એક અદના ભક્ત માટે આટલી પીડા સહન કરી ? મહારાજ કહે "ભગત એમ દુઃખી ન થાવ. તમે તો અમને સર્વસ્વ અર્પણ કર્યું પછી અમારાથી થોડું બેસી રહેવાય !

મહારાજ નાજા ભક્તને ત્યાં પ્રેમથી થાળ જમ્યા અને પછી વિદાય થયા. ડેલિયે ઊભા રહી ભક્ત મહારાજ તે જોતાં જ રહ્યાં. જ્યાં સુધી એ શ્વેત છોગલું દેખાતું બંધ થયું ત્યાં સુધી. મહારાજ દેખાતા બંધ થયા. "રે મહારાજ આટલો સ્નેહ વરસાવી ને જતાં પણ રહ્યાં." ભક્ત ભારે હૈયે પ્રસાદીનો થાળ જમવા બેઠા.

પછી તો નાજા જોગિયા એ ગામ ગરાસનો ત્યાગ કરી દીધો.અને સદાય મહારાજની સેવામાં રહી, મહારાજ ની સાથે જ રહેવા લાગ્યા.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

સત્સંગ સમાચાર

સર્વોપરિ શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના અને કેસર સ્નાન દર્શન

અમદાવાદ શહેરના મધ્યમાં બિરાજમાન ભરતખંડના અધિષ્ઠાતા સર્વોપરિ શ્રીનરનારાયણદેવ આદિ દેવો અને બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજને અક્ષયતૃતીયાના દિનથી જેઠ સુદ-૧૪ પર્યન્ત મલીયાગર સુગંધીમાન દેદિપ્યમાન ચંદનના અલૌકિક વાઘાના દર્શન લાખો ભક્તજનોએ કરીને આત્મક્ષેમ સાધ્યુ હતું. તા. ૨૧-૬-૦૫ જેઠ સુદ-૧૪ના શુભ દિને સવારે ૬-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ હસ્તે શ્રી નરનારાયણદેવને કેશર સ્નાન વેદ વિધિસર રીતે સંપન્ન થયેલ. અસહ્ય ગરમીમાં પણ શહેરીજનોએ અને ગામોગામના હરિભક્તોએ આવા દિવ્ય દર્શન માણ્યા હતા. આ ઉપરાંત મૂળી, જેતલપુર, ભુજ, ધોળકા, કાંકરિયા, નારણઘાટ આદિ મંદિરોમાં પણ ઠાકોરજીને ચંદન ચર્ચીને અદ્‌ભૂત વાઘા ધરાવવામાં આવતા હતા. આખા વરસ દરમ્યાન અવારનવાર હરિભક્તોને આવા અલૌકિક દર્શનનું સુખ મળ્યા કરે છે.

(કોઠારી સાધુ ધર્મપ્રકાશદાસ)

દેવભૂમિ હરિદ્વારમાં શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં "શ્રીહરિ મંગલ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ" ધામધુમથી ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી અત્રેના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પાર્ષદ કોઠારી ઘનશ્યામચૈતન્યના અથાગ પ્રયત્નથી મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં કલાત્મક સુંદર ડ્રોમ આકારે સભામંડપ, થર્મોકોલનું કલાકૃતિવાળું સ્ટેજ તથા યજ્ઞશાળા-તેમજ પ્રસાદ માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

ધામોધામથી પધારેલા સંતો-મહંતો માટે તેમજ દેશ-વિદેશથી પધારેલા હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા સારી રીતે કરવામાં આવેલ. "શ્રીહરિ મંગલ મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ" અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ તેમજ ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે સ.શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) એ સુંદર લાભ આપ્યો હતો. તેમજ યજ્ઞના આચાર્યપદે મૂળીના વિદ્વાન શાસ્ત્રી જીતેન્દ્રકુમાર અમૃતલાલભાઈએ વેદ-વિધિથી પૂર્ણ કરેલ.

તા. ૧૭-૫-૦૫ના સુપ્રભાતે પોથીયાત્રા શ્રી સ્વામિનારાયણ મંદિરેથી બેન્ડ પાર્ટીના સુરીલા મહામંત્રના ઉદ્‌ઘોષની સાથે હરિદ્વારના સ્થાનિક સંતો-મહંતો તથા ધામ-ધામોથી પધારેલા સંત વૃંદ તેમજ હજારો હરિભક્તોના સમુદાયની સાથે નીકળીને મિત્તલઘાટ ગંગાપૂજન કળશ સાથે સન્યાસ માર્ગ થઈને આર્ય ઈન્ટર કોલેજના મેદાનમાં સભા-મંડપમાં પધારેલ. જ્યાં પૂજન-આરતી તથા "શ્રધ્ધાનંદ આશ્રમ"ના મરમાધ્યક્ષ મહા મંડલેશ્વર પ.પૂ. ૧૦૦૮ સ્વામીજી જ્યોતિર્મયાનંદજીના કર-કમલો દ્વારા દીપ પ્રાગટ્ય તથા મંગલ ઉદ્‌બોધનની સાથે કથાનો પ્રારંભ કરવામાં આવેલ. કથાના આ પ્રસંગે હરિદ્વારના તમામ મુખ્ય સંતો-મહંતો મંડલેશ્વરોનું પૂજન-અર્ચન-તથા મહાપ્રસાદ દક્ષિણાથી સ્વાગત સન્માન તા. ૨૧-૫-૦૫ના રોજ બપોરે રાખવામાં આવેલ. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી બાયપ્લેન દ્વારા હરિદ્વાર પધાર્યા ત્યારે કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ પુષ્પમાળાથી સ્વાગત કર્યું હતું. ત્યાંથી ઉતારે પધાર્યા ત્યાં ઠાકોરજીના થાળ કરી, આરામ કરી સાંજના કથા-મંડપમાં દર્શન દેવા પધાર્યા. ત્યાંથી ગંગાજીની આરતીના દર્શન કરવા પધાર્યા.

તા. ૨૨-૫-૦૫ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય પ્રતિમાંની શોભાયાત્રા (નગરયાત્રા) સાંજના ૬ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિરેથી કાઢવામાં જેમાં સૌ પ્રથમ પંજાબ બેન્ડ પાર્ટીના સભ્યશ્રી સ્વામિનારાયણમહામંત્રની ધૂન્યના જયઘોષ સાથે આગળ ચાલતા હતા. ત્યારબાદ હરિદ્વાર તેમજ ગુજરાત આદિ ધામ-ધામોથી પધારેલા સંતો-મહંતો મંડલેશ્વરો લાઈનબધ્ધ ચાલતા હતા. શણગારેલા ટ્રેકટરમાં શેષશાઈ ભગવાનની ઝાંખી પુનઃ બેન્ડ પાર્ટી અને દેશ-વિદેશથી પધારેલા હરિભક્તો લાઈન બધ્ધ ધૂન્ય કીર્તનો ગાતા નાચતા ચાલી રહ્યા હતા. સુશોભિત ટ્રેકટરમાં શણગારેલ સિંહાસનમાં છડી-છત્રની સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અગ્રગણ્ય સંતો હરિભક્તોની સાથે બિરાજમાન થઈને સૌ ભાવિકોને દર્શનનું અલૌકિક સુખ આપી રહ્યા હતા. સુંદર શણગારેલ બે ઘોડાની બગીમાં નયનરમ્ય મનોહર શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ સંતોની સાથે દિવ્ય દર્શન આપી રહ્યા હતા. આ રીતે શોભાયાત્રા શ્રી સ્વામિનારાયણ મંદિરથી ગંગાપૂલ થઈને મેઈન રોડ તુલસી ચોક શિવમૂર્તિ ચોક થઈને લલતારા પૂલ થઈને નિરંજની અખાડા રોડ થઈ પુનઃ શ્રી સ્વામિનારાયણ મંદિરે પધારેલ.

વૈશાખ સુદ પૂનમ તા. ૨૩-૫-૦૫ની વહેલી સવારે ૭ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કરકમલો દ્વારા શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજનો શોડપોપચાર અમૃતાભિષેક તથા પ્રાણ પ્રતિષ્ઠા વિધિના સુંદર દર્શનનો લાભ પ્રાપ્ત થયેલ. ત્યાર બાદ ઠાકોરજીના સુંદર શૃંગાર તથા છપ્પનભોગ (અન્નકૂટ) દર્શનની આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કરકમલો દ્વારા ઉતારવામાં આવેલ. ત્યાંથી યજ્ઞ-મંડપમાં પધાર્યા. મુખ્ય યજમાનની સાથે યજ્ઞની પૂર્ણાહુતિ કરીને સભામંડપમાં પધાર્યા. ત્યાં કથાની સમાપ્તિ કરી. ત્યારબાદ યજમાનશ્રી વિશ્રામ કાનજી ડબાસિયા (મિરઝાપુર) એ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અને આરતી ઉતારીને ભેટ મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કરેલ. ત્યારબાદ હરિદ્વારના મહંત સ્વામી તથા સ.કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ પ.પૂ. નિવૃત્ત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પ મ્યુઝિયમમાં પધરાવવા માટે શ્રીજી મહારાજની પ્રસાદીની દિવ્ય ચાંખડીની જોડી તથા પ્રસાદીના ચરણારવિંદની જોડી અને પ્રસાદીનો ખેસ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરેલ. તે પછી યજમાનશ્રીઓનું સન્માન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ

વરદ્‌હસ્તે કરવામાં આવેલ. આ દિવ્ય પ્રસંગે પધારેલ મહંતશ્રીઓ અમદાવાદ, મુળી, ભૂજ, જેતલપુર, કાંકરિયા, ચરાડવા, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, જૂનાગઢ, ગઢડા, મુંબઈ વિગેરે ધામોના સંતોની અમૃતવાણીનો લાભ પ્રાપ્ત થયેલ. ત્યારબાદ દિવ્ય સભામાં ચાતક પક્ષીની માફક જ્ઞાનપિપાસુ તમામ સંતો-હરિભક્તો ભાઈઓ, બહેનોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પોતાની અમૃતવાણી દ્વારા આશીર્વાદ આપીને તૃપ્ત કર્યા હતા. સભાના અંતમાં મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસે આભાર વિધિ કરી હતી. સમગ્ર પ્રસંગનું સંચાલન સ.શાસ્ત્રી પૂર્ણપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

(કોઠારી પાર્ષદ ઘનશ્યામ ભગત)

Terf ખાતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અધિવેશનમાં સંતો-હરિભક્તોના પ્રવચનોમાંથી વીણેલા મોતી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

- બ્રહ્માંડમાં શ્રીજી મહારાજે સ્થાપન કરેલી સત્સંગની ફક્ત બે જ ગાદી છે. દેવોએ પણ જો આત્યંતિક કલ્યાણ કરવું હોય તો આ બે ગાદીનો આશ્રય કરીને સત્સંગ કરવો પડે.
- શ્રીજી મહારાજ તથા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ સ્થાપન કરેલી મૂર્તિઓ આપણી સાથે વાતો કરવા તૈયાર છે. પરંતુ તે માટે આપણામાં તેવું દૈવત હોવું જોઈએ.
- આજના સમયે શિષ્યો કરતા ગુરુઓ તથા ભગવાન વધવા લાગ્યા છે.
- નામ વેરાના ૫ રૂપિયા ગૃહસ્થ સત્સંગી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ગુજારા માટે નથી આપતા. પરંતુ પોતાના કલ્યાણ માટે આપે છે.
- અક્ષરધામના વીઝા માટે શ્રીજી મહારાજે પોતાના કુળમાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની પોતાના સ્થાને નિમણુંક કરેલી છે. ગમે ત્યાં ફરીએ તો મેળ ના પડે !!!
- જીવમાં મહિમા ઉતર્યો હોય તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા થાય એટલે ટૂક ટૂક થઈ જવાય. માહાત્મ્ય સમજાણું નથી ત્યાં સુધી બધી તકલીફો ઉભી થાય છે.
- પૈસા, સોનું વગેરેનો મહિમા સમજાયો છે. તો તેનું કેટલું ધ્યાન રાખીએ છીએ ! નંદ સંતોએ મહારાજની મરજી, રહસ્યને શબ્દોમાં વ્યક્ત કર્યું છે.
- શાકની દુકાને જઈએ એટલે શાક મળે, દરિયા કિનારે જઈએ એટલે ઠંડક મળે, બગીચામાં ખુશ્બુ મળે, ગંદી જગ્યાએ બદબુ મળે, મેડીકલ સ્ટોરમાં મેડીસીન્સ મળે તેમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં જઈએ એટલે શાંતિ અને મુક્તિ મળે.
- સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે તો મહારાજે પધરાવેલા નરનારાયણદેવ અને પોતે સ્થાપન કરેલી ગાદી પર પોતાની જગ્યાએ બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પણ સર્વોપરિ છે !
- વચનામૃત ગ.પ્ર.પ્ર.૧માં મહારાજે કહ્યું કે ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત તેને અમે અંતકાળે અમારા અક્ષરધામમાં તેડી જઈએ છીએ, આટલું સમજાયું તો પણ બહુ થઈ ગયું ! બીજી માથાકુટમાં શું કરવા પડવું ?
- રાજકારણીઓ તો સારા કે તેઓ લોકોના ફક્ત પૈસા જ ખાય છે. પૈસા તો ફરી મળશે, પરંતુ વિમુખો તો ભોળા અજ્ઞાની લોકોના પૈસા અને કલ્યાણ બન્ને બગાડે છે. તેઓને તો ફટકારવા જોઈએ, ધોકા લેવા જોઈએ !
- સત્સંગની જે મૂડી મળી છે તેનો પ્રચાર ન કરીએ તો એના જેવું કોઈ પાપ નહીં હોય ! આવા દેવ, આચાર્ય, સત્સંગ મલ્યો તેનો પ્રચાર કરીને બીજાને સત્સંગી કરવો તેના જેવું બીજું કોઈ પુણ્ય નથી. એક વ્યક્તિને સત્સંગી કરવાથી બ્રહ્માંડ તાર્યાનું પુણ્ય મળે છે.
- રાવણ, કુંભકર્ણ પણ સવારમાં દોઢ કલાક પૂજા કરતા. તો પણ તેઓનું અસુરમાં નામ આવ્યું. પરંતુ ભગવાનની આજ્ઞા પ્રમાણે પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે સત્સંગ કરાવીશું તો તેમાં બધું જ આવી જાય. તેઓ કહે તેમ કરીએ તે જ ભક્તિ છે. આપણે આપણી મરજી પ્રમાણે એક પગે ઉભા રહીને માળા ફેરવીએ એ આસુરી ભક્તિ કહેવાય ! જે સમયે જે આજ્ઞા થાય એ જ સત્સંગને એ જ ભક્તિ !

ટર્ફ (નારણપુરા) ખાતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અધિવેશન યોજાયું

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તેમજ તેઓશ્રીના અધ્યક્ષ સ્થાને ટર્ફ (નારણપુરા) ખાતે તા. ૫-૬-૦૫ના રોજ યોજાયેલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના અધિવેશનનું દીપ પ્રાગટ્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કોમળ વરદ્‌ હસ્તે થયું હતું. અધિવેશનની શરૂઆત નારણઘાટ મંદિરના મહંત શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી તથા યુવક મંડળના ગવૈયા યુવકોએ નંદ સંતો રચિત કીર્તનો સંગીત સાથે ગવડાવીને કરી હતી. આ પ્રસંગે કાળુપુર, જેતલપુર, નારાયણઘાટ, નારણપુરા, કાંકરીયા, કચ્છ-ભૂજ, વડનગર ગુરુકુળ વગેરેથી બ્રહ્મનિષ્ઠ સંતો-મહંતો પધાર્યા હતા તથા સત્સંગ પ્રવૃતિને વેગ મળે એવા પ્રસંગને અનુરૂપ સત્સંગ સભાને ઉદ્‌બોધનો કર્યા હતા. પ્રો. હિતેન્દ્રભાઈ પટેલે સત્સંગના પાયાના સિધ્ધાંતોની સમજ આપી હતી. તેમજ વાડજ, કુકરવાડા, પ્રતાપપુરા, જલોત્રા (રાજસ્થાન) વગેરે સ્થળેથી આવેલા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ઉત્સાહી, સક્રિય-નિષ્ઠાવાન આગેવાનોએ નિષ્ઠા પ્રેરક તથા સત્સંગ પોષક પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સભા સંચાલન પ.ભ. શ્રી ઉદયનભાઈ મહારાજાએ કર્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે 'શ્રી સ્વામિનારાયણ સિરિયલ'ના છેલ્લા ભાગનું વિમોચન થયું હતું. પ.પૂ.મહારાજશ્રીની આજ્ઞાથી સભા સંચાલક દ્વારા એક મહિનામાં જેઓ એક અઠવાડિયું સત્સંગ પ્રચાર માટે ફાળવી શકે તેવા ૧૫ (પંદર) યુવકોની માંગણી મુકવામાં આવી હતી અને તે સમયથી જ તેવા સેવાભાવી યુવકોને સત્સંગ પ્રચાર માટે સક્રિય કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ અને પ.પૂ. વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીએ અત્યંત પ્રેરણાત્મક આશીર્વચનો આપ્યા હતા. અંતમાં નારણપુરા મંદિરે સૌ પ્રસાદ લઈને છૂટા પડ્યા હતા. સમગ્ર અધિવેશનનો ખૂબ મોટી સંખ્યામાં યુવકોએ લાભ લીધો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

જેતલપુરધામમાં શ્રીમદ્‌ સત્સંગિજીવન પારાયણ

જેતલપુર ધામમાં વિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના શુભ

સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી અને મહંત કૃષ્ણપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજના સમીપમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તથા હોમાત્મક મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી શાસ્ત્રી પૂર્ણાનંદજીએ પોતાની મધુરવાણીમાં શ્રોતાજનોને કથાનું પાન કરાવ્યું હતું. જેના યજમાનનો લાભ સાંખ્યયોગી કમળાબાએ લીધો હતો. આ પ્રસંગે સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. આ પ્રસંગે પૂજારી સાધુ વ્રજવલ્લભદાસ, સાધુ હરિવલ્લભદાસ અને ભગવત સ્વામીએ ખૂબજ શ્રધ્ધાથી સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો.

જેતલપુર મંદિરમાં મારૂતિ યજ્ઞ ઉજવાયો

મંગલમૂર્તિ મારૂતિનંદન તેજપ્રતાપ મહા જગવંદન જેતલપુરધામમાં બિરાજમાન સંકલ્પ સાકાર મૂર્તિ સર્વોપરિ શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ અત્રેના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૩-૪-૦૫ને રવિવારને પૂનમના 'મારૂતિ યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ધર્મકુળના કુળદેવતા શ્રી કષ્ટભંજન દેવનું પૂજન-અર્જન-આરતી વેદ વિધિસર રીતે સંપન્ન થયા હતા. અનેક ધર્મપ્રેમી ભાવિકોએ મારૂતિ યજ્ઞના દર્શન કરી પ્રસન્નતા અનુભવી હતી. જેતલપુર ગામ અને અમદાવાદના ઘણા ભાવિકોએ યજમાન બનીને મહા દુર્લભ લાભ મેળવવા ભાગ્ય શાળી બન્યા હતા.

(કોઠારી સાધુ વિશ્વપ્રકાશદાસ)

કલ્યાણપુરાથી જેતલપુરધામની દંડવત યાત્રા

સ્વામિનારાયણ ભગવાને સ્વ હસ્તે સ્થાપન કરેલા મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના જેતલપુરધામમાં દેશ વિદેશના લાખો ભક્તો મનોકામના પૂર્ણ કરવા આવે છે. અને દર પૂર્ણિમાએ તો પચાસ હજાર જેટલા ભક્તો પદયાત્રા કરીને દર્શને આવે છે. શ્રધ્ધાળુ ભાવિક ભક્ત ભગવાનના દ્વારેથી એક પણ નિરાશ થઈને ગયો નથી. સહુની આશા અપેક્ષા પૂર્ણ થઈ છે. વિદેશથી પણ ખાસ દર્શન માટે ભક્તો આવે છે. હમણાં વૈશાખ માસની અસહ્ય ગરમીમાં પણ કલ્યાણપુરા (તા. કલોલ)ના વતની શ્રી કનુભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઉ.વર્ષ ૩૦) પોતાના વતનથી સાષ્ટાંગ દંડવત કરતા કરતા જેતલપુરધામમાં દર્શને આવ્યા. ૭૫ કિલોમીટરનો પંથ સાષ્ટાંગ દંડવત કરીને ૧૬ દિવસે જેતલપુર દર્શન કરીને પૂર્ણ કર્યો. ધન્ય છે ભક્તની શ્રધ્ધાને. "જ્યાં શ્રધ્ધા હોય ત્યાં સવાલ ન હોય"

(અમૃતલાલ લવજીભાઈ ચૌધરી બાલવા)

સંપ્રદાયને ગૌરવાન્વિત બનાવતી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા જેતલપુર

પૂજ્ય મોટા મહારાજશ્રીની હૃદયની ઉત્કંઠ ઈચ્છાથી અને વર્તમાન આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ચાલતી સંસ્કૃત પાઠશાળા જેતલપુરનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦% આવતાં સંપ્રદાયનું ખૂબજ ગૌરવ વધારેલ છે. આ સમાચાર જાણી પૂજ્ય મહારાજશ્રીએ પાઠશાળાના સંચાલક સ્વામી હરિઊઁપ્રકાશદાસજી તેમજ અધ્યાપક ગણને ખૂબ જ ધન્યવાદ સાથે શુભાશીર્વાદ પાઠવ્યા હતા અને આ પાઠશાળામાં અભ્યાસ કરી બંને ગાદીનાં નવા દીક્ષીત સંતો તેમજ ભૂદેવો સ્વજીવન વિકાસમાં ખૂબજ આગળ વધે એવી શ્રી નરનારાયણદેવના શ્રી ચરણકમળમાં શુભકામના વ્યક્ત કરી હતી.

(મહંત કે. પી. સ્વામી, જેતલપુર)

નારાયણનગર મંદિરનો રજત જયંતી મહોત્સવ ઉજવાયો

જેતલપુર દેશના શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના તાબાના નારાયણનગર મંદિરની પ્રતિષ્ઠાને ૨૫ વરસ પુરા થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી રજત જયંતી મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૪-૫-૦૫ થી ૧૬-૫-૦૫ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથની ત્રિદિનાત્મક પારાયણ સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના વક્તાપદે સંગીતની મધુર સુરાવલી સાથે સંપન્ન થઈ હતી.

તા. ૧૬-૫-૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગ્રામજનો અને સંતોએ ભાવભીનું સામૈયું કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની રજત જયંતી પાટોત્સવની આરતી ઉતારીને સૌને અલભ્ય દર્શનનો લાભ આપ્યો હતો. અને કથા પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. છપ્પન ભોગ અન્નકૂટ આરતી સાધુ ભગવતચરણદાસે કરાવી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રી સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપવા ખાસ પધાર્યા હતા. શાસ્ત્રી માધવ સ્વામીએ સભા સંચાલન સંભાળ્યુ હતું. *(સાધુ વિશ્વપ્રકાશદાસજી કોઠારી જેતલપુર)*

ઘોળકા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી મોરલી મનોહર દેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક વૈશાખ વદ-પને શનિવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ સવારે ૬-૩૦ કલાકે વેદવિધિસર રીતે સંપન્ન થયેલ. વિશાળ સંખ્યામાં સંતો હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજીએ યજમાન પ.ભ. ચંદ્રેશભાઈ જીવણલાલ મહેતા પરિવારને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન, અર્ચન કરી ભેટ ધરી આશીર્વાદ અપાવ્યા હતા. તેમની સેવાને સભા સંચાલક મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસે બિરદાવી હતી. જેતલપુર મહંત પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી એ દેવ અને ધર્મવંશીનો મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ

આપ્યા હતા. આ પ્રસંગે અત્રેના મહંત વિષ્ણુપ્રસાદદાસજી, દિલ્હીના મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને મૂળીના સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ સૌ સંત મંડળ સેવામાં અગ્રેસર હતા.

સભામાં ધોળકા દેશના હરિ મંદિરોમાં પ.ભ. વાસુદેવભાઈ મગનલાલ જોશી (કોઠંબાવાળા) તરફથી 'વચનામૃત સાર સરિતા' પુસ્તક ભેટ રૂપે અપાયા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણમાં હોમાત્મક મહાપૂજા

કડી તાલુકાના ઝુલાસણ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સર્વે હરિભક્તોના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૬-૨૦૦૫ના રોજ સમૂહ મહાપૂજા મહોત્સવ યોજવામાં આવેલ જેમાં ૫૦ જેટલા યજમાનો જોડાયા હતા. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સવારે ૮-૦૦ કલાકે પધાર્યા ત્યારે ગામની ભાગોળેથી સ્વાગત સામૈયુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાપૂજામાં બિરાજમાન થયા હતા. અને સત્સંગ સભામાં આશીર્વચન આપ્યા હતા. મહાપૂજા વિધિ સ.ગુ. ભક્તિવલ્લભ સ્વામીએ કરાવી હતી. સમગ્ર પ્રસંગના આયોજક જેતલપુરના પૂ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી રહ્યા હતા. સ્વામીએ હરિભક્તોને કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. મંદિરના કોઠારી પ્રકાશભાઈ મીસ્ત્રી તથા શ્રી પિયુષભાઈ બારોટ અને સર્વે હરિભક્તોએ વ્યવસ્થા સુંદર કરી હતી. પ્રથમ પાટલાના યજમાન ગજજર રાજેશકુમાર નાથાલાલ હતા. યજમાન કનૈયાલાલ કેશવલાલ પટેલ આરતી ઉતારી હતી. મુખ્ય યજમાન ભક્તિભાઈ ભોળીદાસ પટેલ રહ્યા હતા. મહાપૂજા મહોત્સવના આયોજનથી હરિભક્તોની મંદિરમાં સંખ્યા ઘણી વધી છે. જે સત્સંગમાં જાગ્રતિ બતાવે છે. અત્રે આ વિસ્તારમાં વર્ષો વર્ષ આવા આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(પૂજારી શાસ્ત્રી વ્રજવલ્લભદાસ)

સર્વોપરિધામ છપૈયામાં કથાપારાયણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટ્ય ભૂમિ છપૈયા ધામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અમદાવાદ મંદિરના અ.નિ. તપસ્વી જ્ઞાની પૂજ્ય સ્વામીશ્રી કેશવજીવનદાસજી (ગવૈયા સ્વામી)એ અહીં પારાયણ કરવાનો સંકલ્પ કરેલ. જેથી પોતાના સંત મંડળ સાથે પધારીને પારાયણનું આયોજન કરેલ. જેના વક્તાપદે જેતલપુરના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ બિરાજી શ્રી ઘનશ્યામ બાળ ચરિત્રની ત્રિદિનાત્મક પારાયણ પોતાની આગવી કથા શૈલીમાં સુંદર રીતે કરીને સૌને કથામાં રસ તરબોળ કર્યા હતા. વક્તાશ્રીને પૂ. ગવૈયા સ્વામી પરત્વે ખૂબજ હેત-લાગણી અને આદરભાવ હોવાથી તેમના દરેક કામોને છોડીને પ્રથમ પ્રાધાન્ય કથાને આપીને ગવૈયા સ્વામીના સંકલ્પને પરિપૂર્ણ કર્યો હતો. ગવૈયા સ્વામી સાથે તેમના હેત રુચિવાળા પ.ભ. કનુભાઈ, પ.ભ. ભક્તિભાઈ અને રાણીપના ઘણા હરિભક્તો આ પ્રસંગનો લાભ લેવા પધાર્યા હતા. છપૈયાના ગૌઘાટ ઉપર પાણીના હેડ પંપની ખૂબજ આવશ્યકતા હતી. જે પૂ. ગવૈયા સ્વામી તરફથી તૈયાર કરાવીને તેમના હસ્તે ત્યાં ગોઠવવામાં આવ્યો. તે સિવાય ધર્મકુળ પરિવાર અને ભક્તિકુળને રસોઈ જમાડીને છપૈયામાં પોતાના દરેક સંકલ્પ પરિપૂર્ણ કર્યા. આ બધા જ સંકલ્પ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મવંશી પરિવારની આજ્ઞા-આશીર્વાદથી અને રાજીપાથી સર્વાંગ રીતે પૂર્ણ થયા તેમ તેઓશ્રીએ સૌને કહ્યું. આપણા નૂતન મંદિર કાનપુરમાં પણ ૧ રૂમની સેવાનો સંકલ્પ કરીને પોતાના જીવનનું અંતિમ ધ્યેય પૂર્ણ કર્યું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ.ગુ. મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજી અને તેમના સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કરીને પ્રસંગને દિપાવવામાં સહભાગી બન્યા હતા.

(ભક્તિભાઈ પટેલ, રાણીપ)

છપૈયા ધામે શ્રી ઘનશ્યામ બાળ ચરિત્રની પારાયણ

અત્રે દિવ્ય અલૌકિક મહાન તીર્થભૂમિ છપૈયા ધામે તા. ૧૨-૫-૦૫થી ૧૪-૫-૦૫ દરમ્યાન શ્રી ઘનશ્યામ બાળ ચરિત્રની પારાયણ કરવામાં આવી હતી. ભૂજ, સુખપર અને ફોટડી થી પધારેલા હરિભક્તો અને સાંખ્યોગી બાઈઓએ યજમાન બની લાભ લીધો હતો. જેમાં ૧૧ સહિંતાપાઠી સંતો અને બ્રાહ્મણોએ સંહિતા પાઠ કર્યા હતા. ભૂજના સંતોએ છપૈયાધામની લીલાનું અદ્‌ભૂત વર્ણન કર્યું હતું.

બીજી પંચાન્હ પારાયણ ફોટડીના સાંખ્યયોગી માનબાઈ તરફથી કરવામાં આવી હતી. મદનપુરના સાંખ્યયોગી બાઈઓ અને હરિભક્તોએ કુલ-૧૨ પારાયણ કરાવી હતી. આ પ્રસંગે અમદાવાદથી અ.સૌ. પ.પૂ.લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી ખાસ પધાર્યા હતા. અને સૌને દર્શન-આશીર્વાદ આપી સૌ ભક્તો અને યજમાન પર અતિ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તરફથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના યજ્ઞો પવિતના ઉપલક્ષમાં અત્રે ધર્મકુળ અને ભક્તિકુળ પરિવારને જમાડીને વસ્ત્ર અને પાત્રનું દાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના વરદ્‌ હસ્તે કર્યું હતું. પ્રાસંગિક સભામાં બ્ર. પૂ. ગવૈયા સ્વામી રામકૃષ્ણાનંદજી, બ્ર. મહંત વાસુદેવાનંદજી અને ભૂજના સંતોએ પ્રસંગોચિત પ્રવચન કર્યા હતા. અને સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(કનુભાઈ)

ભાત (તા. દશક્રોઈ-ધોળકા દેશ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

ધોળકા શ્રી મોરલી મનોહરદેવ દેશના ભાત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨-૬-૦૫થી ૪-૬-૦૫ દરમ્યાન વચન સિધ્ધિની સાર સિધ્ધિની પારાયણ, સમૂહ મહાપૂજા અને યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. વક્તાપદે સ્વામી પુરૂષોત્તમચરણદાસે (મૂળી) કથાનું પાન કરાવ્યું હતું. ૧૪૦ વર્ષ પુરાણા મંદિરનો જિર્ણોધ્ધાર જેતલપુરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અને શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમચરણદાસજી ના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. જે પૂર્ણ થતા તા. ૪-૬-

૦૫ના મૂર્તિ પ્રતિષ્ઠા યોજવામાં આવી હતી. અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ હતી. અને કથા અને યજ્ઞની પૂર્ણાહુતિ કરી સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં જેતલપુરથી પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટના મહંત ઘનશ્યામ સ્વામી આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ધોળકા મહંત સ્વામી, અમદાવાદ સ્કીમ કમિટીના સભ્ય સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને લીંબડી મકનસરના સંતો પધાર્યા હતા.

(પટેલ ગોવિંદભાઈ મોતીભાઈ)

વડુગામે શ્રી હનુમાનજી મહારાજના મંદિરની ખાત વિધિ

સર્વોપરિ શ્રીહરિના ચરણોથી અતિ પાવન ભૂમિ દંઢાવ્ય પ્રદેશના વડુ ગામની ધરતી પર શ્રીજી સમકાલિન સ.ગુ. બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીએ પધરાવેલ શ્રી હનુમાનજી મહારાજના નૂતન ભવ્ય સુશોભિત શિખરબધ્ધ મંદિરના ખાત મુહૂર્ત પ્રસંગે જેઠ સુદ-૩ ને તા. ૧૦-૬-૨૦૦૫ને શુક્રવારના અમદાવાદથી પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વડુ પધારી પોતાના શુભ વરદ્ હસ્તે ખાત મુહૂર્ત કરી પાયાની ઈંટ મૂકી ભક્તજનોને ભક્તિ સાગરમાં તરબોળ કર્યા હતા. આ પ્રસંગે પ.ભ. પ્રહલાદભાઈ શિવદાસ છગનદાસ પરિવારે ખાત મુહૂર્તના યજમાન પદનો તેમજ પ.ભ. ચંદુભાઈ રામદાસ બબલદાસ પટેલે પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂજન આરતીનો અલભ્ય દિવ્ય લાભ લઈ ધન્ય બન્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ જેનું કામ હાલ પોરજોશમાં ચાલે છે. તેમાં ગામના સર્વે હરિભક્તોએ ખૂબજ સારું યોગદાન આપ્યું હતું. અને શ્રી હનુમાનજી મહારાજના મંદિર નિર્માણમાં પણ ખૂબજ સારું યોગદાન આપ્યું હતું. સભામાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર) શા.સ્વા. આનંદજીવનદાસજી (હિંમતનગર) અને શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસે પ્રેરક પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી હનુમાનજી જેવી પતિવ્રતા ભક્તિ હનુમાનજીના જીવનમાંથી શિખવા પ્રેરણા આપી સૌ ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(શા. નારાયણવલ્લભદાસ વડનગર)*

વિરાટનગર (ઓઢવ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

વિરાટનગર ઓઢવ વિસ્તારમાં પ.ભ. અશોકભાઈ ઈશ્વરભાઈના મકાનના ધાબા ઉપર છેલ્લા ઘણા સમયથી શ્રી નરનારાયણદેવની નિષ્ઠાવાળુ સત્સંગ મંડળ ભજન ભક્તિ કરતું હતું. આ બધાને સત્સંગનો કેટલો ખપ છે તે ખ્યાલ આવે છે. મંદિર ન હોવા છતાં ધાબા ઉપર કે ગમે ત્યાં ભગવાનનું ભજન કરવું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી આ જગ્યાએ શ્રી નરનારાયણદેવ તાબાના હરિમંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. તા. ૨૮-૫-૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર રીતે ધામધુમથી સંપન્ન થઈ.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં સમૂહ મહાપૂજા, હરિયાગ, જપયજ્ઞ તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સામૈયું શોભાયાત્રા તથા પ્રાસંગિક સત્સંગ સભા વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. તા. ૨૭-૫-૦૫ના રોજ મહોત્સવ પ્રારંભમાં એપ્રોચ (બાપુનગર) મંદિરના મહંત પૂ. લક્ષ્મણજીવનદાસજી સ્વામીના હસ્તે દિવ્ય પ્રાગટ્ય થયું હતું. આ પ્રસંગે કાલુપુર, કાંકરિયા, વસ્ત્રાલ તથા નિકોલથી સંતો પધાર્યા હતા. કાંકરિયા મહંત ગુરુપ્રસાદદાસજી સ્વામી તથા વસ્ત્રાલના શા. આનંદજીવન સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કરેલ. અમદાવાદ મંદિરના મહંત પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ મૂળ સંપ્રદાય અને મૂળ સિધ્ધાંત ઉપર પ્રવચન આપ્યું હતું. સભા સંચાલન પણ પૂ. મહંત સ્વામીએ કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. અને બાજુમાં બહેનોના મંદિરમાં પણ પોતાના વરદ્ હસ્તે આરતી ઉતારી હતી. મુખ્ય યજમાનપદે પ.ભ. અશોકભાઈ ઈશ્વરભાઈ પટેલ, વિનયભાઈ મનુભાઈ પટેલ તથા સહ યજમાન પદે ત્રિભોવનભાઈ રામજીભાઈ પટેલ તથા રમેશભાઈ એ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. અત્રે ઉપસ્થિત સૌ હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શનનો લાભ મેળવી કૃતાર્થ થયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે શ્રધ્ધા અને ઉત્સાહથી સેવા કરીને રાજીપો મેળવ્યો હતો.

(પ્રતિ. ગોરધનભાઈ વી. સીતાપરા)

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટના સમાચાર

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ સેકેન્ડરી અને હાયર સેકેન્ડરી સ્કુલનું પરિણામ નીચે મુજબ આવેલ છે.

એચ.એસ.સી. (ધો.-૧૨) પરીક્ષાર્થી સંખ્યા ૯૮ ઉતિર્ણ ૯૩ ડિસ્ટીંકશન-૩૫, પ્રથમ વર્ગ-૩૬ બીજો વર્ગ ૨૧, પાસકલાસ-૧ શાળાનું કુલ પરિણામ ૯૪.૯૦% એસ.એસ.સી. (ધો.૧૦) પરીક્ષાર્થી સંખ્યા ૧૩૮ ઉતિર્ણ સંખ્યા-૧૩૩ પરિણામ ૯૬.૩૭% ડિસ્ટીકશન ૭૧, પ્રથમવર્ગ-૫૧, બીજો વર્ગ-૧૧ ઉત્તરોતર પ્રગતિ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે. *(પ્રિન્સીપાલશ્રી, શ્રી સહજાનંદ સેકેન્ડરી, હાયર સેકેન્ડરી સ્કુલ)*

રાજકોટમાં હાલારના હરિભક્તો દ્વારા સત્સંગ પ્રવૃતિ

સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવ મૂળી દેશના હાલાર પ્રાન્તના ઘણા હરિભક્તો રાજકોટ શહેરમાં વરસોથી સ્થાયી થયા છે. તેઓ દેવ-આચાર્યની નિષ્ઠામાં મોખરે છે. અહીં પણ તેઓ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી

નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરી છે. તા. ૨૬-૭-૦૪ થી સત્સંગ સભાનો પ્રથમ પ્રારંભ પ.ભ. ઘનશ્યામભાઈ દામજીભાઈ વરૂને ત્યાંથી કરેલ. ત્યારબાદ દર એકાદશીના દિવસે અલગ-અલગ હરિભક્તોને ત્યાં સત્સંગ સભા યોજવામાં આવે છે. જેમાં ધૂન-કીર્તન, વચનામૃત અને સત્સંગિભૂષણનું વાચન-વિવેચન કરવામાં આવે છે. યુવક મંડળમાં જોડાવા માટે અને સભા કરવા માટે સંપર્ક : વરૂ હરિકૃષ્ણ દામજી (જીરાગઢ) મોબાઈલ : ૯૮૨૪૫૧૮૧૯૭. મનાણી શાંતિભાઈ અમરશીભાઈ (જીરાગઢ) (ઘર) ૨૫૭૬૮૩૯. ચૌહાણ ગીરીશભાઈ ડાહ્યાભાઈ (જામસર) મોબાઈલ : ૯૮૨૪૧૧૨૫૯૮. ચાવડા હિતેશભાઈ નરસીભાઈ (ધ્રોળકોટ) મોબાઈલ : ૯૮૨૪૫૭૧૭૭૦

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

આગામી ધાર્મિક પરીક્ષા તા. ૧૮-૧૨-૨૦૦૫ને રવિવારના રોજ જે તે કેન્દ્ર પરથી લેવામાં આવશે. દરેક સંચાલકોએ પરીક્ષા અંગેનું સાહિત્ય શ્રી સ્વામિનારાયણ મંદિરના સાહિત્ય કેન્દ્ર પર મળશે. *(શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.)*

અંબાલા ગામે નવનિર્મિત મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

બહુચરાજી તાલુકામાં આવેલુ સત્સંગનું સાવ નવું જ ગામ કે જ્યાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સિધ્ધપુર ગુરુકુળના સંચાલક સ.ગુ. શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજીએ અહીં અવારનવાર કથા વાર્તા કરીને સત્સંગના બીજ રોપીને સત્સંગ વધાર્યો અને તેના ફળ સ્વરૂપ હરિ મંદિરનું ભવ્ય નિર્માણ થયું. તા. ૧-૫-૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા કરીને મંદિરને દેવ દર્શન માટે ખુલ્લુ મૂક્યું. મૂર્તિ પ્રતિષ્ઠાના યજમાન પ.ભ. મનજી શિવજી હિરાણી (કાર્ડિફ) તથા એક હરિભક્ત તથા પ.ભ. મણીભાઈ (લંડન) તથા ભીખાભાઈ વગેરેએ સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે દશમસ્કંધ પારાયણ શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજીએ પોતાના વક્તાપદે કરીને ગ્રામજનોને સુંદર લાભ આપેલ. અત્રે મંદિર થવાથી સત્સંગ વૃદ્ધિ પામતો જાય છે.

(કોઠારી હસમુખભાઈ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં

સર્વોપરિ શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ, રણછોડ ત્રિકમરાય આદિ દેવોને પૂજારી સંતો સ્વામી જયપ્રકાશદાસજી, મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી આદિ સંત મંડળે વૈશાખસુદ-૩ અખાત્રીજથી જેઠ સુદ-૧૫ પર્યન્ત ચંદનના અલૌકિક સુંદર અદ્‌ભુત વાઘા ધરાવીને ઝાલાવાડના હરિભક્તોને દર્શન કરાવ્યા હતા. આ સમય દરમ્યાન અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા. અને ઠાકોરજીના ચંદનના વાઘાના દર્શન કરી ખૂબજ પ્રસન્ન થઈ પૂજારી સંતોને આશીર્વાદ આપ્યા હતા. *(ભરત ભગત)*

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O. યુ.કે.)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૬-૫-૦૫ના સવારે ૬ થી બપોરના ૧૨ એમ ૬ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન પ.ભ. ડૉ. અમરશીભાઈ તુલસીભાઈ ગોહેલ પરિવાર તરફથી તેમના ધર્મપત્નિ પ.ભ. અનસુયાબેનની પૂણ્યસ્મૃતિમાં રાખવામાં આવી હતી. આ પ્રસંગે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ પત્ર વાંચવામાં આવ્યા હતા. ધૂનની પૂર્ણાહુતિ બાદ પ્રાસંગિક સભામાં યજમાન પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી પ.ભ. જયંતીભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.

તા. ૧૨-૬-૦૫ના સવારના ૬ થી ૧૨ (૬ કલાક) પ.ભ. ગં.સ્વ. નાનુબેન નરસીભાઈ જણસારીના મુખ્ય યજમાનપદે અ.નિ. પ.ભ. નરસીભાઈ જણસારીની પુણ્ય સ્મૃતિમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન રાખવામાં આવી હતી. ધૂનની પૂર્ણાહુતિ બાદ જનમંગલ પાઠ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પત્રનું વાચન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી પ.ભ. જયંતીભાઈ પટેલે યજમાન પરિવારનું સન્માન કરીને આભાર વિધિ કરી હતી. સભા પ્રસંગે હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા ઉપસ્થિત રહ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. (હેમરાજભાઈ ચોટલીયા)

ન્યુજર્સી (I.S.S.O., U.S.A.) મંદિરમાં ૧૯મો પાટોત્સવ ઉજવાયો

પૂજ્ય મોટા મહારાજશ્રીના અમેરિકામાં પ્રથમવાર પદારોહણની ફળશ્રુતિ રૂપે નિર્માણ થયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન-ન્યુજર્સીનો ૧૯મો વાર્ષિક પાટોત્સવ વર્તમાન આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી ખૂબ જ ધામધુમપૂર્વક ઉજવાયો હતો. પાટોત્સવ અન્તર્ગત સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવાસો હરિભક્તોએ મહારાજની ષોડશોપચારી મહાપૂજાનો અલભ્ય લાભ લીધો હતો. જેની સુંદર વિધિ ન્યુયોર્કવાળા ઈશ્વરભાઈ શુકલે તેમજ વ્યવસ્થા પંકજભાઈ પટેલ અને માણેકલાલ પટેલે કરી હતી. મહાપૂજા બાદ પાટોત્સવના મુખ્ય યજમાન મૂળ (બોટાદના) શ્રી વિપુલકુમાર રસિકલાલ શાહ પરિવાર દ્વારા શ્રીહરિનું પૂજન તેમજ કેશરજળથી મહારાજનો ખૂબજ ભાવથી મહાભિષેક કર્યો હતો. બહેનોને પણ આ અલભ્ય લાભ પ્રાપ્ત થયો હતો. ત્યાર પછી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. પાટોત્સવ પ્રસંગે પૂજ્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે પધારેલા જેતલપુર મંદિરના મહંત કે.પી. સ્વામી તથા આપણી સંસ્કૃત પાઠશાળા જેતલપુરના સંચાલક શા.સ્વા. શ્રીહરિઊર્ધ્વપ્રકાશદાસજીએ મહારાજના દિવ્ય લીલા પ્રસંગો સાથે-સાથે પાટોત્સવનો

મહિમા સમજાવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનાં પણ ફોન દ્વારા દિવ્ય આશીર્વાદ સૌ ભક્તોને પ્રાપ્ત થયા હતા. સત્સંગ સભા બાદ ખૂબ જ ભાવ અને પ્રેમથી બહેનો એ બનાવેલ અન્નકૂટ ઠાકોરજીને, ધરાવીને આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે વ્યવસ્થા મહંત સ્વામીની પ્રેરણાથી અને પ્રમુખશ્રી ભક્તિભાઈ વગેરે આગેવાન હરિભક્તોના માર્ગદર્શન મુજબ યુવક મંડળે કરી હતી. નવસો જેટલા હરિભક્તોએ આ દિવ્ય પાટોત્સવનો અનેરો લાભ લીધો હતો. છેલ્લે મહા પ્રસાદ લઈ સૌ ભક્તો મોક્ષનું ભાથું બાંધી સ્વસ્થાનગમન્ કર્યું હતું. *(મહંત શા.સ્વામી માધવપ્રસાદદાસજી ન્યુજર્સી)*

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની

(I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

આપણા સીડની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગ સભાનું આયોજન કરવામાંઆવ્યું હતું. તા. ૮-૫-૦૫ના પ.ભ. કુરજીભાઈ પરિવાર, શ્રી તેજસભાઈ પટેલ અને ખુશ્બુબેન પટેલ તા. ૧૫-૫-૦૫ શ્રી અર્જુનભાઈ મહેતા અને શ્રી જગદીશભાઈ ત્રિવેદી તા. ૫-૬-૦૫ શ્રી અંકિતભાઈ અને શ્રી વૃન્દાબેન ૧૨-૬-૦૫ શ્રી મહેન્દ્રભાઈ અમીન તા. ૧૯-૬-૦૫ શ્રી ભાવિનભાઈ, શ્રી ધર્મેશભાઈ અને શ્રી પંક્તિભાઈ તરફથી સભા કરવામાં આવેલ. કથા-વાર્તાધુન-કીર્તન અને નિત્ય નિયમ થાળ વગેરે શ્રીહરિ સમક્ષ વાજીંત્ર સાથે કરવામાં આવેલ. ઘણા હરિભક્તો આ પ્રસંગનો લાભ લેવા પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *(બિરેન દેસાઈ)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ.	રજનીભાઈ બાબુભાઈ રામાણી સગપણ નિમિત્તે	સલડી
૧૫૧-૦૦	પ.ભ.	ભાઈલાલભાઈ નરસીભાઈ પટેલ અમેરિકાના પ્રવાસ પ્રસંગે	કુહા
૧૫૧-૦૦	પ.ભ.	શાંતાબેન ભાઈલાલભાઈ પટેલ અમેરિકાના પ્રવાસ નિમિત્તે	કુહા
૧૦૧-૦૦	પ.ભ.	જગન્નાથભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	બુરાહનપુરવાળા
૧૨૫-૦૦	પ.ભ.	કૃણાલકુમાર રાવજીભાઈના સ્મરણાર્થે	ખેરોલ
૧૦૧-૦૦	આશીર્વાદ	હિમાંશુભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	વૈશાલી	દિનેશકુમાર પાટડીયા ચિ. પૌત્ર અક્ષિતના જન્મ પ્રસંગે	વાંકાનેરવાળા
૧૦૧-૦૦	પ.ભ.	જસુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધમાસણા
૧૦૧-૦૦	પ.ભ.	વિષ્ણુભાઈ મણીલાલ પટેલ નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	પ.ભ.	વર્ષાબેન કનૈયાલાલ ભાવસાર પુત્રના પ્રથમ પગાર નિમિત્તે	
૧૦૧-૦૦	પ.ભ.	ચેતનકુમાર કનૈયાલાલ પટેલ ચિ. ઝલકને સ્કુલમાં બેસાડી તે નિમિતે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ.	વિનોદભાઈ-ભગવાનજીભાઈ ટાંક નવી દુકાન લીધી તે નિમિત્તે	રોહીશાળા
૧૦૧-૦૦	પ.ભ.	રમાબેન બાબુભાઈ ટાંક રોહિશાળાગામમાં મંદિરનો ઉત્સવ ધામધુમથી ઉજવાયો તે નિમિત્તે	મીરારોડ
૧૦૧-૦૦	પ.ભ.	રીટાબેન મનોજભાઈ ટાંક રોહીશાળા મંદિરના ઉત્સવની સફળતા પ્રસંગે	મીરારોડ
૧૦૧-૦૦	પ.ભ.	મહેશ બાબુભાઈ ટાંક રોહીશાળા મંદિરનો ઉત્સવ પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ધામધુમથી ઉજવાયો તે પ્રસંગે	મીરારોડ
૨૫૧-૦૦	પ.ભ.	રણછોડભાઈ દેવજીભાઈ પટેલ ચિ. દિવાકર અને ચિ. ભાવનાના શુભ લગ્ન પ્રસંગે	આણંદપુર-ભાલવાળા
૧૦૦-૦૦	પ.ભ.	કલ્પેશભાઈ ભીખાભાઈ પટેલ ભાઈ-બહેનના લગ્ન પ્રસંગે	નરોડા
૧૦૧-૦૦	અ.નિ.	કનુભાઈ હિરાભાઈ અમીનની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	પ.ભ.	જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણી
૧૦૧-૦૦	પ.ભ.	મગનલાલ ગંગદાસ વરૂ તેમને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	જીરાગઢ (સુરત)
૧૦૧-૦૦	હિતેશભાઈ	રાજેન્દ્રભાઈ પટેલ ૧૨ સાયન્સમાં ૯૧ ટકા આવ્યા તે નિમિત્તે	મોખાસણ
૧૫૧-૦૦	પ.ભ.	ગોવિંદભાઈ મણીલાલ કાછીયા જન્મદિન પ્રસંગે	બાલાસિનોર
૧૦૦-૦૦	ધરતી	કમલેશભાઈ અમીન ૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	પ.ભ.	જયંતીભાઈ લક્ષ્મણભાઈ ગાંગાણી ચિ. ચંદ્રિકાબેનના લગ્ન પ્રસંગે	માણામોરા (હાલાર)
૧૦૧-૦૦	પ.ભ.	સંજયભાઈ હિરાભાઈ પટેલ પુત્રના શુભ લગ્ન પ્રસંગે	લવારપુર
૫૦૧-૦૦	પ.ભ.	રાહુલ પ્રેમજીભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦		નિમિષાબેન પ્રેમજીભાઈ પટેલ સગાઈ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	વિરલ	મનુભાઈ પટેલ ધો. ૧૨માં ૮૭%એ ગાંધીનગર જીલ્લામાં ૪થો નંબર આવ્યો તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ.	પિથુભાઈ મોતીજી ચૌધરીના સ્મરણાર્થે	બાલવા

૧૦૧-૦૦	ગીતાબહેન બળદેવભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મણીલાલ લખુદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦	પ.ભ. વિનોદકુમાર ભોગીલાલ મોદી ચિ. કુંજન ધો.૧૨માં ૮૫%એ પાસ થવા નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	દુર્ગાબેન લાલજીભાઈ ચાવડા શુભ લગ્ન પ્રસંગે	ડુમાણા
૧૦૧-૦૦	પ.ભ. શંકરભાઈ રૂપાભાઈ મોરી રૂપાબાના સ્મરણાર્થે	ડેડીયાસણ
૨૦૧-૦૦	પ.ભ. હર્ષિલ રાજેશભાઈ પટેલ બીજી પુણ્ય તિથિ નિમિત્તે	લસુન્દ્રા
૧૦૧-૦૦	પ.ભ. નટુભાઈ મોતીભાઈ પટેલ ચિ. પ્રિતીબેનની સગાઈ પ્રસંગે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ. આરતીબેન મહેશભાઈ ઝિંઝુવાડીયા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. નારણભાઈ રણછોડદાસ પટેલ ચિ. અરવિંદભાઈના લગ્ન પ્રસંગે	ડાંગરવા
૧૦૧-૦૦	પ.ભ. પુષ્પાબેન નારણભાઈ પટેલ ચિ. ભાણો અરમાનના જન્મદિન પ્રસંગે	ડાંગરવા
૫૦૧-૦૦	પ.ભ. મનુભાઈ ઉજમશીભાઈ પાટડીયા વૈશાખ સુદ ત્રીજના નવી ઓફીસના ઉદ્‌ઘાટન પ્રસંગે	અમદાવાદ
૧૨૫-૦૦	પ.ભ. પુરુષોત્તમદાસ નારણદાસ પટેલ ચિ. પૌત્ર નિરવ અંગ્રેજી મીડીયમમાં ૯૯%એ પાસ થવા નિમિત્તે	મેદરડા
૧૦૧-૦૦	પ.ભ. સંજય લાલજીભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. દિનેશકુમાર હરગોવનભાઈ શિક્ષકની જોબ મળવા નિમિત્તે	હાથીપુરા
૧૦૧-૦૦	પ.ભ. મેહુલકુમાર ઘનશ્યામભાઈ ભાવસાર ચિ. મિતને પ્રથમ મંદિરમાં દર્શન કરાવ્યા તે પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. વ્રજેનકુમાર ભરતભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	(જીરાગઢવાળા) કાંદીવલી
૧૦૦-૦૦	પ.ભ. હિમાંશુભાઈ રમેશભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	રાજપુરવાળા
૧૫૦-૦૦	કુંજલબેન અનંતભાઈ પટેલ બી.એસ.સી.માં ૭૮% આવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૫૦-૦૦	મેહુલ એન. રાઠોડ ૧૨ સાયન્સ અને ચિ. જલ્પા ધો.૮માં પાસ થયા તે નિમિત્તે	ભુજ (કચ્છ)
૧૦૧-૦૦	પ.ભ. કૌશિક મણીલાલ પટેલ ચિ. જલ્પાના લગ્ન અને નવી દુકાન લીધી તે નિમિત્તે	લુણાવાડા
૧૦૧-૦૦	કિંજલબેન હરિલાલ સાપરીયા જન્મદિન પ્રસંગે	ધૂળકોટ
૧૫૧-૦૦	પ.ભ. જયંતીલાલ કાનદાસ શંકરદાસ પટેલ બ્રિજેશના લગ્ન પ્રસંગે	વડુવાળા (ઓઢવ)
૧૦૧-૦૦	પ.ભ. ડાહ્યાભાઈ ધરમાજી ચૌધરી પૌત્રના જન્મદિન પ્રસંગે	માણેકપુર
૧૦૦-૦૦	રવિકુમાર સુરેશભાઈ પટેલ ધો.-૧૦માં ૮૦% આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. સુરેશભાઈ શિવરામદાસ પટેલ નવુ સ્પ્લેન્ડર પ્લસ લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. અરવિંદભાઈ તુલસીદાસ ભાવસાર ચિ. ફાલ્ગુનીબેનના લગ્ન પ્રસંગે	વિસનગર
૧૦૧-૦૦	પ.ભ. જયવદનભાઈ હસમુખભાઈ પટેલ ધો.-૧૦માં પાસ થયાં તે નિમિત્તે	કાળીગામ
૧૦૧-૦૦	કલાબેન નરેન્દ્રકુમાર પટેલ અમેરિકામાં બેબીના શ્રીમંત પ્રસંગે	કનીપુર
૧૦૧-૦૦	પ.ભ. પ્રવિણભાઈ લખુભાઈ પટેલ ચિ. હિરેન ધો.-૧૦માં પાસ થયો તે નિમિત્તે	હાથપાળીયા
૨૫૧-૦૦	પ.ભ. રમેશભાઈ મથુરદાસ પટેલ ચિ. અંકિતાબેન અમેરિકા સુખરૂપ પહોંચ્યા તે નિમિત્તે	દેઉસણાવાળા
૧૦૧-૦૦	અમિત મોદીના શુભ લગ્ન પ્રસંગે	હિંમતનગર
૧૦૦-૦૦	પ.ભ. નયનકુમાર રમેશચંદ્ર પટેલ નવું વાહન લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ડૉ. અનંતભાઈ ચિમનલાલ પટેલ ચિ. પાર્થ ધો.૧૦માં ૮૭%એ પાસ થયો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	દિનેશ કાનજી ગોહિલ શ્રી નરનારાયણદેવની કૃપાથી ગોલ્ડ બ્લેડનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	વિર્લેપાર્લે (જીરાગઢવાળા)
૨૦૧-૦૦	છગનલાલ મુળજી રાઠોડ ચિ. જયેશના મીના સાથે અને ચિ. દિવ્યાના હસમુખ સાથે લગ્ન થયા તે નિમિત્તે	વિર્લેપાર્લે (જીરાગઢવાળા)
૧૦૧-૦૦	પ.ભ. લીલાબેન અરવિંદભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	(ઉવારસદ) પાલડી
૨૦૨-૦૦	જલકબેન છબીલભાઈ પટેલ ધો.-૭માં ૭૫% અને અવની ધો.-૬માં ૬૫%એ પાસ થવા નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	પ.ભ. ભરતકુમાર મફતલાલ પટેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ઉપનયન સંસ્કાર પ્રસંગે	અમદાવાદ

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી પુરગ્રસ્તોને ફૂડ પેકેટનું વિતરણ

પ.પૂ. મોટા આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સૂચન મુજબ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ મંદિર તરફથી સંત-પાર્ષદ મંડળ અને કોઠારના સ્ટાફે તાબડતોબ ગુજરાતના પુર ગ્રસ્તો માટે અંદાજે ૧ લાખ જેટલા પુરી, સુખડી અને શાકના ફૂડ પેકેટ તૈયાર કરીને ગુજરાત સરકારના પુર રાહત કંટ્રોલને સરકીટ હાઉસ ખાતે તૈયાર કરી સતત ત્રણ દિવસ સુધી વિતરણ કર્યું હતું. તદ્‌ઉપરાંત આપણા જેતલપુર આદિ મંદિરોથી પણ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. *(વિનોદભાઈ પટેલ, શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર)*

૨૦૦-૦૦	એક હરિભક્ત તરફથી	અમદાવાદ
૧૦૧-૦૦	મનન નલીનકુમાર ભાવસાર ધો.-૧૨માં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. હિતેશ રમેશભાઈ ભાવસાર ઈંટનો લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. દશરથભાઈ હરગોવિંદભાઈ પટેલ પુત્રીના લગ્ન પ્રસંગે	ચાણસ્મા
૧૦૧-૦૦	પ.ભ. મહેન્દ્રભાઈ શાંતિભાઈ પટેલ જયમીનીબેનના શુભ લગ્ન પ્રસંગે	લસુન્દ્રા
૧૦૧-૦૦	પ.ભ. નગીનદાસ નારણભાઈ પટેલ ચિ. રેખાબેનના શુભ લગ્ન પ્રસંગે	અલીણા
૧૦૧-૦૦	પ.ભ. કાંતિલાલ નારાયણદાસ પટેલ ચિ. વિકાશના લગ્ન પ્રસંગે	ઊંઝા
૨૫૧-૦૦	પ.ભ. કિશોરભાઈ જેરાજભાઈ ચૌહાણ ચિ. મોનિકાબેન ધો.-૧૦માં ૭૩%એ પાસ થયા તે નિમિત્તે	જામસર
૧૦૧-૦૦	મમતાબહેન અંબાલાલ પટેલ એસ.એસ.સી.માં પાસ થયા તે નિમિત્તે	જાસલપુર
૧૦૧-૦૦	પ.ભ. સોમાભાઈ ભોગીલાલ શ્રીજી પ્રસન્નાર્થે	ઊંઝા
૧૦૧-૦૦	પિયુષ દયાળજીભાઈ કાશીયાણી એસ.એસ.સી.માં ૭૫% આવ્યા તે નિમિત્તે	જાઈવા
૧૦૧-૦૦	પ.ભ. હિરાભાઈ કાનજીભાઈ કાચા ચિ. નિલેશ સેનેટરી ઈન્સ.માં પાસ થયા તે નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. પરમાર દાજીભાઈ કેસુભાઈ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	નિકીતાબેન હર્ષદભાઈ પટેલ એસ.એસ.સી.માં ૮૭% આવ્યા તે નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	પ.ભ. ગીરીશભઈ શામજીભાઈ પોરીયા પુત્રના નામકરણ પ્રસંગે	જામસર
૧૦૧-૦૦	પ.ભ. અનીલભાઈ મહેતા ચિ. નિખિલ માટે કોમ્પ્યુટર લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. કનૈયાલાલ બી. ઠક્કર એકટીવા નવું લીધું તે નિમિત્તે	આદીપુર (કચ્છ:
૧૧૧-૦૦	પ.ભ. ભાસ્કરભાઈ ભટ્ટ શ્રીજી પ્રસન્નાર્થે	ભાવનગર
૫૦૦-૦૦	પ.ભ. પટેલ સંતોકબેન કાંતિલાલ જીવત ચર્યા નિમિત્તે હા. શ્રી વિઠ્ઠલભાઈ તથા નટુભાઈ	વડુ
૧૦૦-૦૦	પ.ભ. બાબુભાઈ નારણદાસ પટેલ ચિ. શૈલેષભાઈને ત્યાં તા. ૧૯-૫-ના લાલાના જન્મ પ્રસંગે	માડસણા
૧૦૧-૦૦	પ.ભ. પરેશભાઈ પરસોત્તમભાઈ મનાણી નવું હોન્ડા લીધું તે નિમિત્તે	ભીમકટા
૨૦૨-૦૦	પ.ભ. પરસોતમભાઈ ધરમશી મનાણી નવું મકાન લીધું તે નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. જગદીશભાઈ મોહનભાઈ ગોહેલ નવું બાઈક લીધું તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	પ.ભ. મોહનભાઈ ટપુભાઈ પરમાર પૌત્રના જન્મ પ્રસંગે	બોડકા હાલાર
૧૦૧-૦૦	પ.ભ. એ. વી. પટેલ સર્વિસમાં પ્રમોશન નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ. રણછોડભાઈ ટાંક ચિ. હિતેશ તથા રમાબેનના લગ્ન પ્રસંગે	બોડકાવાળા
૨૦૧-૦૦	પ.ભ. પદમશીભાઈ વિઠ્ઠલભાઈ ભાવસાર ચિ. હેતલકુમારના શુભ લગ્ન પ્રસંગે	
૧૦૧-૦૦	પ.ભ. ગોવિંદભાઈ જીવરાજભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	મોદી અનિતાબેન શ્રી જિજ્ઞેશકુમારની નોકરીમાં અનુકુળ જગ્યાએ ટ્રાન્સફર થવા નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	પ.ભ. મોદી રમણલાલ અમરતલાલ નોકરીમાં બઢતી મળવા પ્રસંગે	હિંમતનગર
૧૦૧-૦૦	ભાવિક ભરતકુમાર મોદી સહજાનંદ ગુરુકુળ અસારવામાં એડમીશન મળ્યું તે નિમિત્તે	પ્રાંતીજ
૧૦૧-૦૦	પ.ભ. નરેશકુમાર અમૃતલાલ મોદી નવું મકાન લીધુ તે નિમિત્તે	મેઘાણીનગર
૧૦૧-૦૦	પ.ભ. વસંતકુમાર અમૃતલાલ મોદી ગાડી લીધી તે નિમિત્તે	સેટેલાઈટ
૧૫૧-૦૦	પ.ભ. સરોજબેન રમેશભાઈ પટેલ ચારધામ યાત્રા નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	પ.ભ. ચંપાબેન દિનેશભાઈ ભૂલાભાઈ ચિ. પ્રિયંકાના શુભ લગ્ન પ્રસંગે	કનીપુરવાળા-સરસપુર
૧૦૧-૦૦	પ.ભ. લક્ષિતકુમાર ચંદુલાલ પટેલ નોકરી મળી તે નિમિત્તે	ઈટાદરા

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર : વયોવૃદ્ધ સ.ગુ. ચિંતારા સ્વામી પ્રભુચરણદાસજી તા. ૩૦-૬-૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (પચ્છમ ભાલવાળા) : પ.ભ. જેઠાલાલ પાચાભાઈ પટેલના ધર્મપત્નિ ગં.સ્વ. ગીરજાબેન તા. ૧૧-૫-૦૫ (અખાત્રીજ)ના શ્રીહરિનું અખંડ ચિંતવન કરતા અક્ષરનિવાસી થયા છે.

બાલવા (ઉનાવા) : પ.ભ. ચૌધરી મેનાબેન સોમાભાઈ તા. ૩૦-૫-૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

શિવપુરા (ખાખરીયા હાલ યુ.એસ.એ.) : ગં.સ્વ. ગોમતીબેન ગોરધનદાસ જોષી તા. ૨૦-૬-૦૫ના રોજ શિકાગો મુકામે શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.















૧. ઝુલાસણ મંદિરમાં દર્શન આપતા સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ ૨. ઝુલાસણ મંદિરમાં મહાપૂજામાં બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને લાભ લેતા સંત - હરિભક્તો ૩-૫. નારણપુરા Terf ખાતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળના મહાઅધિવેશન શ્રીહરિના ત્રણેય અપરસ્વરૂપોની નિશ્રામાં સંપન્ન થયું જેમાં હજારો હરિભક્તો ગામોગામથી ઉપસ્થિત રહ્યા હતા ૪. ભાત ગામે મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી ૬. કલ્યાણપુરાથી જેતલપુર ધામની પ.ભ.કનુભાઈ પટેલની દંડવતયાત્રાના રૂટમાં દર્શન આપવા



ઉપનયન સંસ્કારના ઉપક્રમે ' ટર્ફ' (નારણપુરા) ખાતે આયોજીત બાળ સ્પર્ધામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજ સાથે પૂ. શ્રીરાજા

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી નંદ સંતોના કીર્તનોની તથા શ્રી સ્વામિનારાયણ સીરીયલની ઓડિયો/વિડિયો સીડી પ્રકાશીત થઈ છે. જે સાહિત્ય કેન્દ્ર પર ઉપલબ્ધ છે.



Rajul Kharsani